શ્રી.

ગહુંલીમાળા.

સંપાદક,

શા. પોપટલાલ ચુનીલાલ.

મુ. અમદાવાદ.

અમૂલ્ય.

॥ श्री ॥

ગુરૂગુણમાળા.

અથવા

સ્વર્ગસ્થ શ્રીભ્રાતૃચંદ્રસૂરિજીનું જીવનચરિત્ર.

પ્રયોજક,

સાંકળચંદ પીતામ્બરદાસ શાહ.

(અમદાવાદ.)

પ્રકાશક,

પોપટલાલ ચુનીલાલ શાહ.

(અમદાવાદ.)

આવૃત્તિ પહેલી. પ્રત ૨૦૦૦.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૬.

અમૂલ્ય.

અમદાવાદ

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યાવિજય
પ્રેસમાં શા. ચુનીલાલ અમથાસાએ છાપી.

અર્પણપત્રિકા.

રા. રા. મરહૂમ શેઠ. **હઠીસિંઘભાઇ રાયચંદભાઇ.**

આપ મારા પૂજ્ય શિરછત્ર અને કુટુંબના છત્રરૂપ હતા. સ્વર્ગસ્થ સૂરીશ્વરજી ૧૦૦૮ **શ્રી ભ્રાતૃચંદ્રાચાર્ય**ના આપ અનન્ય ભક્ત હતા. ઉક્ત સૂરીશ્વરજીના ઉપદેશથી આપે **"શ્રી જૈન હઠીસિંઘ સરસ્વતીસભા"**ને બહોળા દ્રવ્ય વડે નવું જીવન આપ્યું અને એક વિશાળ પૌષધ-શાળા બંધાવી પુણ્યોપાર્જન કર્યું, ઇત્યાદિક સ્વામીભક્તિ અને ગુરૂભક્તિ પ્રત્યે આપનો અપ્રતિમ પ્રેમ હતો. તેજ આપના અને મારા પરમોપકારી ગુરૂવર્યશ્રીના જીવન નિર્વાણની આ **"ગુરૂગુણમાળા"** મારા પ્રત્યેના આપના પરમ ઉપકારના બદલામાં આપનો અમર આત્મા જ્યાં હોય ત્યાં આપને કંઠસ્થ–ધારણ કરવા સારૂં હું સમર્પણ કરૂં છું, અને એ પ્રભાવિક સદ્‌ગુરૂના ગુણોત્કર્ષથી આપના અમર આત્માની પરમ શાન્તિ ચાહું છું.

સ્થળ રાયપુર શામળાની પોળ. **અમદાવાદ.**	લી. આપનો કૃપાકાંક્ષી **પોપટલાલ ચુનીલાલ શાહ.**



|| पूज्यपाद आचार्यश्री भ्रातृचन्द्रसूरीश्वर सद्गुरुभ्यो नमः ||

પ્રસ્તાવના.

પ્રિય પાઠકગણ ! આ અસાર સંસારસાગરના ચક્રાવામાં અનેક જીવો ઉત્પન્ન થાય છે અને લય પામે છે. પણ જે પુરૂષો પુરૂષાર્થ–સિદ્ધિથી સ્વપરનું કલ્યાણ કરી જાય છે, તેમનું જીવન ખરેખર લેખે થાય છે. બાકી તો કાદવની અંદર અનેક કીડા ઉત્પન્ન થાય છે અને ચવે છે તેનો કાંઇ હિસાબજ નથી.

સ્વર્ગસ્થ શ્રી ૧૦૦૮ શ્રીમદ્ ભ્રાતૃચંદ્રસૂરીશ્વર શાંત, દાંત, પરમ નિર્ગ્રંથ અને પ્રવર પંડિત હતા. તેઓ શ્રી એક મહાન્ તત્ત્વવેત્તા સરળ તેમજ ગુણગ્રાહી હતા. તેઓ પૂર્ણ સમતાસાગર છતાં પરિસહ–નદીઓના વિષમ પૂરથી જરીપણ છલકાતા નહોતા. એ જિતેંદ્રિય મહાત્માના રાગ દ્વેષ એટલા બધા તો પાતળા પડી ગયા હતા કે તેમની સ્તુતિ અને નિંદા કરનારમાં તેઓ સમભાવપણે વર્તતા હતા. તેમનામાં સ્વમત પરમત સંબંધી એટલું બધું વિશાળ જ્ઞાન હતું કે તેની તુલના તેમની અતિ ગંભીરતાને લીધે સામાન્ય વિદ્વાન કરી શકતા નહોતા. ટુંકમાં એટલુંજ કહેવું બસ છે કે આપ્ત પુરૂષોમાં જે ઉ-

ત્તમ ગુણો અને લક્ષણો પડેલા હોય છે. તે આ ધર્મ-વીર મહાન પુરૂષમાં હતા.

એવા મહાત્મા પુરૂષનું જીવન અને નિર્વાણ ચરિત્ર મનન કરી તેના ગુણગ્રામ ગાવામાં આવે, તો જેમ પારસમણીના સ્પર્શથી તાંબું સુવર્ણમય થાય છે. તેમ ગુણીના ગુણના સ્મરણથી આત્મા નિર્મળ થાય છે. એવા હેતુથી ઉક્ત સૂરીશ્વરજીનું ચરિત્ર લખવા ગુરૂમહારાજના અનન્ય ભક્ત રાજનગર—નિવાસી કવિ સાંકળચંદ પીતાંબરદાસને વિનંતી કરી તેથી તેમણે ગુરૂમહારાજના ઉપકારના બદલામાં આ "ગુરૂગુણમાળા" નામનું અત્યુત્તમ પુસ્તક રચી આપ્યું તેથી તેમનો આભાર માનવામાં આવે છે.

આ લઘુ પુસ્તક દરેક જૈનબંધુ અને વિદુષી બહેનોએ આદ્યંત વાંચી તેનું મનન કરી ગુરૂવર્યના ગુણગ્રામ ગાઇ માનવભવ સફળ કરવો, અને પુસ્તકને રખડતું મુકી જ્ઞાનની આશાતના નહીં કરવી એવી પ્રાર્થના છે. સુજ્ઞેષુ કિંબહુના— અસ્તુ.

આપનો કૃપાકાંક્ષી ભવદીય,
પોપટલાલ ચુનીલાલ શાહ.

ૐ

ગુરૂગુણમાળા.

મંગળાચરણ.

શાર્દૂલવિક્રીડિત છંદ.

શ્રી શંખેશ્વરપાસ આશ મનની પ્રેમે પુરો સર્વદા,
શ્રી સૂરીશ્વર ભ્રાતૃચંદ્ર ગુણની માળા રચું આ મુદા;
ત્રાતા મંગળદાય સાહ્ય કરજો ટાળી બધી આપદા,
શ્રી શાન્તિ મતિ કાંતિ કીર્તિ બલ ધી આપો સદા સંપદા.

દોહરા.

શ્રી શંખેશ્વર પય નમી, નમું શારદ સુકુમાળ;
સદ્ધર્મ સદ્ગુરૂને નમી, ગુંથું ગુરૂગુણમાળ. ૧

પરમેષ્ટિ પદ પાંચના, પ્રેમે પ્રણમું પાય;
ત્રીજું પદ સૂરિનું સ્તવું, મંગળમય સુખદાય. ૨

ઢાળ પહેલી.

(રાગ ભૈરવ—પ્રથમ એક પીઠિકા.—એ દેશી.)

પ્રથમ પ્રભુ પાસના પદકજ વાસના,
વાસિત મન–મધુકર ઉમાયો,
નાગપૂરિ તપગણે ચંદ્રશાખાતણે,
ગયણ જેમ અભિનવ રવિ સોહાયો;
પાર્શ્વચંદ્ર સૂરિશ્વરો ગચ્છ ધુરંધરો,
ભવિકમનકજ વિકાશી વિકાસ્યો,
બોલ એકાદશ વર્ણવ્યા તાદૃશ,
શોધિ શ્રુતસાયરે કરી અભ્યાસો. ૧
જ્ઞાનધ્યાને મચ્યા બાળબોધિ રચ્યા,
આગમો બાળજીવો હિતાર્થે,
ભિષ્મ દુષ્કાળમાં સૃષ્ટિ જંજાળમાં,
વૃષ્ટિની વિનતી કીધ પાર્થે;
કરી કૃપા ગુરૂવરે વૃષ્ટિથી દુઃખ હરે,
પ્રગટ પરચે સ્તવ્યા માલદેવે,
વિચરી વસુધાતળે ભવિક તાર્યા ભલે,
દેવ ભૈરવ સદા ચરણ સેવે. ૨
પાટ પરંપરા ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા,
ગણધર ગુણધરા પૂર્ણ શાન્તિ,

સહજ ગુણ આગરૂ ગંભીર સાગરૂ,
અભિનવ મયણ તપ તેજ કાન્તિ;
છત્રીશ ગુણધરા પતિત–પાવનકરા,
શુદ્ધ સમતાધરા પુણ્યશાળી,
પુણ્ય પાવનધરા ચરણકજ ગુરૂવરા,
જ્યાં ધર્યા તે ભૂમિ ભાગ્યશાળી. ૩

બાહ્ય અભ્યંતરે શાન્ત રસ નિર્ઝરે,
સરળતા મધુરતા સૌમ્ય સાચા,
વિચરી ભૂમિ પદકજે ભવ્યબોધિ ભજે,
ત્યાગિ નિર્ગ્રન્થ સદ્ગુરૂ ન કાચા;
એ સૂરિરાજના ચરણ સામ્રાજ્યના,
જીવન નિર્વાણનું ચરિત્ર આવે,
રટણ નિશદિન કરે ધ્યાન ગુરૂનું ધરે,
મંગળમાળ નર નાર પાવે. ૪

વસ્તુનિર્દેશાત્મક–દુહા.

પંચ ઇંદ્રિને વશ કરે, નવવિધ બ્રહ્મવ્રત્ત સાજ;
ચાર કષાય તજે સદા, ભ્રાતૃચંદ્ર સૂરિરાજ, ૧
પંચમહાવ્રત યુક્ત તે, પંચાચાર સહાજ;

સમિતિ ગુપ્તિધર સાહ્યબો, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ. ૨

સ્વપર સમયને જાણતા, સ્વપર સુધાર્યાં કાજ:
આત્મ સ્વરૂપે મહાલતા, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ ૩

મિથ્યામતગજમદહરણ, પંચાનન ગુરૂરાજ;
કૈક કુમતિને ઉદ્ધર્યા, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ. ૪

વિચરી ભારતવર્ષમાં, તાર્યા ભવ્ય-સમાજ;
ભરતચંદ્ર ભારતભુષણ, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ. ૫

તપ તેજે તરણી સમા, શીતળ શશિ ગુરૂરાજ;
મહામહર્ષિ મહામુનિ, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ. ૬

ખટ દર્શન પંડિત પ્રવર, સકલ મુનિ-શિરતાજ;
મહા યોગીશ્વર મુનિપતિ, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ. ૭

સાગરસમ ગંભીરતા, ધીર વીર ગિરિરાજ;
ધર્મધુરંધર સાહ્યબો, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ. ૮

ક્ષમાશ્રમણ જંગમ તીરથ, સુરતરૂ સમ મહારાજ;
આગમ નિગમ જાણે સદા, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ. ૯

સામુદ્રિક જ્યોતિષ પ્રમુખ, સ્વરોદય જેનાં સાજ;
જાણે પણ નહિ ફોરવે, ભ્રાતૃચંદ્ર-સૂરિરાજ. ૧૦

એ મહા યોગીશ્વરતણું, લખું ચરિત્ર હું લેશ;
અલ્પમતિથી વર્ણવું, શ્રોતા સુણો હમેશ. ૧૧

ઢાળ ૨ જી.

(ગોકુળ મથુરાં રે વહાલા.—એ રાગ.)

જંબુ દક્ષણુ રે ભરતે, જ્યાં મરૂધર મહિમા અતિ વરતે,
ત્યાં જિનધર્મે રે તાજા, સદા સુખી પરજા ને રાજા.
જંબુ. ૧

જ્યાં જિનમંદિર રે સારાં, નિકટ ભાવને લાગે પ્યારાં;
જૈન ધર્મની રે ઝાઝી, જાહોજલાલી મરૂધર ગાજી.
જંબુ. ૨

પૂર્વ પુરાતન રે દે'રાં, આબુ રાણકપુર ન અનેરાં,
મુનિજન માનસ રે હંસા, અગણિત જ્યાં વિચરે પરશંસા.
જંબુ. ૩

લખપતિ ધનપતિ રે પૂરા, શ્રાવક શેઠ વસે જ્યાં શૂરા;
અંતિમ જિનપતિ રે વિચર્યા, મરૂધરવાસી જનને ઉદ્ધર્યા.
જંબુ. ૪

એ પુણ્ય ભૂમિના રે ઠામે, સુંદર વાંકડિયાવડગામે;
મંદિર જિનનાં રે છાજે, ભુવન પતાકા ગયણે ગાજે. જંબુ. ૫

પોષધશાળા રે પાસે, જ્યાં મુનિવર નિત્ય ધર્મ પ્રકાશે;
બાગબગીચા રે સારા, સુંદર વાવ સરોવર ક્યારા. જંબુ. ૬

ત્યાં દ્વિજ ઔદિચ્યરે જ્ઞાતી, ધનપતિ કુળપતિ અતિ પ્રખ્યાતી.

ધન વિદ્યાનાં રે દાને, દાનમલ્લજી ન રહે છાને. જંબુ. ૭

શીલ શોભાગી રે પરણી, વિજયા વિજયાસમ તસ ઘરણી;
દંપતિ ધર્મે રે ચાવા, વિત્ત ખરચીને લે નિત્ય લ્હાવા.
જંબુ. ૮

એક દિન સય્યા રે સૂતાં, વિજયા માતા સ્વપ્નસયુક્તા;
શરદપુનમનો રે ચાંદો, ઊગતો મુખ પેઠો આનંદો. જંબુ. ૯

તતક્ષણ માતા રે જાગ્યાં, સ્વપ્નનાં ફળ પૂછે મ્હો માગ્યાં;
તવ દ્વિજ ભાખે રે ફળને, અનુમોદે જ્યોતિષના બળને.
જંબુ ૧૦

પુત્ર પનોતો રે થાશે, જસ ગુણ ભારતવર્ષે ગવાશે;
રાજરાજેશ્વર રે થાશે, અથવા યોગીશ્વર ગુણ ગાશે
જંબુ. ૧૧

માતા હરખ્યાં રે ભાવે, સ્વપ્નપાઠક પરભાતે આવે;
પૂર્વ પ્રમાણે રે સીધો, ભાવ સ્વપ્નપાઠક મળી કીધો.
જંબુ. ૧૨

આનંદ ઓચ્છવ રે કીધા, દાન ઘણાં યાચકને દીધાં;
વાધે માતા રે વાને, અનુક્રમે ગર્ભ વધે સન્માને. જંબુ. ૧૩

દોહરા.

દેવ–વિમાનેથી ચવી, ઉત્તમ જીવ સુજાણ;
વિજયા કુખમાં આવિયા, કરવા સ્વપર કલ્યાણ. ૧
માતાને મન દોહલા, ઉપજે જેહ શ્રીકાર;
દેવપૂજન ગુરૂ ભક્તિના, શુભ શુભ થાય વિચાર. ૨
દ્વિજપતિ તે પૂરે સકલ, મન ધરી અતિ પ્રમોદ;
ગર્ભ વર્ધ્યો એમ અનુક્રમે, માતા મન અતિ મોદ. ૩

ઢાળ ત્રીજી.

આવો આવો જશોદાના કંત, અમ ઘેર આવોરે–એ રાગ.

વિક્રમ સંવત ઓગણીસસેં, ઓગણીશ વર્ષેરે,
પોષ કૃષ્ણ દશમ શુભ નક્ષત્ર ને શુભ દિવસેરે,
નવ મહિના સાડા સાત દિવસ જબ જાવેરે,
તવ પુલકિત મન માતા વિજયાનું થાવેરે. ૧
પ્રાતઃ ચડતે પહોરે શુભ હર્ષણી યોગેરે,
ગ્રહ સ્થાન પડયાં ઉંચ રાશીનાં પુણ્ય પ્રયોગેરે,
રાજેંદ્ર કે થાય યોગીંદ્ર એવા ગ્રહ બળિયારે,
શુભ અશુભ પડે ગ્રહ–સ્થાન જેવાં પુણ્યફળિયારે. ૨
સુત પ્રસવે એ શુભ અવસર માતા વિજયારે,
તરીયાતોરણ શુભ દ્વાર હાટ ઘર સજિયાંરે,
સોહાગણ ગાવે ગીત વધામણી આપેરે,

દે યાચકને દ્વિજ દાન સુપુત્ર પ્રતાપેરે. ૩
ભલુચંદ્ર સ્વપ્ન અનુસાર નામ જસ સ્થાપેરે,
બીજચંદ્ર કળા વધે બાળ ન કોઇને સંતાપેરે,
થયા પાંચ વર્ષના બાળ મા સ્વર્ગે સિધાવેરે.
થાય ભાવિ ન મિથ્યા સુખ દુઃખ કર્મ પ્રભાવેરે. ૪
પડયો ભિષ્મ પચીશો કાળ અતિ વિકરાળોરે,
મરૂધરવાસી બેહાલ બન્યા રોગચાળોરે,
અહા! ચંચળ લક્ષ્મિ સ્વભાવ વિભવ ચળ જાણોરે,
ધનવાન થયો કંગાલ દાનમલ્લ દાનોરે. ૫
ઘર હાટ ક્ષેત્ર ધનમાલ થયાં ધૂળધાણીરે,
મરૂધરમાં મહા દુષ્કાળ પીવા નહીં પાણીરે,
સાથે લેઇ ભલુને આવ્યા દ્વિજ ગુજરાતેરે,
ચુંવાળમાં બહુચરી મેળે ગયા અતિ ખાંતેરે ૬
કરે દ્વિજપતિ આપ વિચાર પુત્ર ભાગ્યશાળીરે,
થયો ભૂપ ન પણ મુનિભૂપ થશે પુણ્યશાળીરે,
સ્વપ્નપાઠકની તવ વાત લક્ષમાં આવીરે,
કરૂં અર્પણ કોઇ યતિરાજ મળે તો મનાવીરે. ૭
ત્યાં પાર્શ્વચંદ્ર ગચ્છના યતીશ્વર કોઇ કામેરે,
આવ્યા હર્ષસૂરિના કોટવાળ શ્રી હરચંદ્ર નામેરે,
દ્વિજે અર્પણ કરિયો સુત ભલુને તે ટાણેરે,
થશે ભાવી સૂરીશ્વર સામુદ્રિકથી જાણેરે. ૮
પછી હેમચંદ્ર-સૂરીશ્વરના જે લઘુ ભ્રાતારે,

મુક્તિચંદ્ર યતિ એ ભાવી સૂરિના ત્રાતારે,
હરચંદ્રજી પાસેથી ભલુને માગી લીધોરે,
મુક્તિચંદ્રગણીએ અમૃત પ્યાલો પીધોરે. ૯
આવશ્યક પ્રકરણ નય નિક્ષેપા શ્રુત જ્ઞાનેરે,
વ્યાકરણ તર્ક ન્યાયથી પોષ્યા વિદ્યા દાનેરે,
બાળ બ્રહ્મચારિપણે વિચરે બાળે વેષેરે,
મુક્તિનંદન પાપનિકંદન સંજમ લેશેરે. ૧૦

દોહરા.

સોળ વર્ષના જબ થયા, મન પામ્યા વૈરાગ;
મુક્તિચંદ્ર ગુરૂને કહે, દો દીક્ષા મહાભાગ્ય. ૧
ઓગણીસેહેં પાંત્રીસમાં, ફાગણ શુદ બીજ જામ;
દીક્ષા દીધી ગુરૂવરે, ભ્રાતૃચંદ્ર ઠવ્યું નામ. ૨

ઢાળ ૪ થી.

(મેંદી રંગ લાગ્યો—એ રાગ.)

દીક્ષાને દિન છ થયારે, કાળ કર્યો મુક્તિચંદ્ર,
સંજમ રંગ લાગ્યો,
રંગ લાગ્યોરે ચોળ મજીઠ સંજમ૦ આંકણી.
અકસ્માત એ જોઇનેરે, દિલગીર ભ્રાતૃચંદ્ર. સંજમ૦ ૧
વૈરાગે મન વાસિયારે, અમે ન પરિગ્રહ લેશ; સંજમ૦
મન ચિંતે પરિગ્રહ ધરૂંરે, લાજે મુનિનો વેષ. સંજમ૦ ૨

અનિત્ય સકળ સંસાર છેરે, જાય ન સંપત્તિ સાથ. સં૦
આવ્યો તેમ જવું એકલુંરે, ખંખેરી દોય હાથ. સં૦ ૩
માટે નિર્ગ્રંથ મુનિ મળેરે, થઉં નિર્ગ્રંથ અમાય; સં૦
ભાવના મન એમ ભાવતાંરે, મળ્યા કુશળ મુનિરાય. સં૦૪
પાર્શ્વચંદ્ર ગચ્છે વડારે, નિર્ગ્રંથ મુનિ સરદાર; સં૦
માંડળ માંહ્ય પધારીયારે, ગીતારથ વ્રતધાર. સં૦ ૫
ઓગણીસેંહે સાડત્રીસનીરે, (શુદ) એકાદશી વૈશાખ; સં૦
નિર્ગ્રંથ પ્રવચન માર્ગનીરે, કરે તુલના જિન–શાખ. સં૦૬
કુશળચંદ્ર ગણી સાન્નિધેરે, ત્યાગી નિરાગી થાય; સં૦
ઓચ્છવ રંગ વધામણાંરે, ધવળ મંગળ વરતાય. સં૦ ૭
ગણપતિ ગચ્છ ધુરંધરૂરે, શ્રી હેમચંદ્ર–સૂરિરાય; સં૦
ચતુરમાસ ભાવે કરે રે, માંડળ ગામની માંહ્ય. સં૦ ૮
કુશળ ખુશાલ દેવચંદ્રજીરે, ભ્રાતચંદ્ર ગુરૂ સાથ; સં૦
ચતુરમાસ સાડત્રીસનુંરે, માંડળમાં સૌ સાથ. સં૦ ૯
ધામધુમ ઓચ્છવ થયારે, તપ જપ થયા અથાગ; સં૦
પગ પગ નવનિધ સંપજેરે, જ્યાં વિચરે મહાભાગ્ય સં૦૧૦
કોયલને સંગીતનીરે, થાય ઇચ્છા તત્કાળ; સં૦
આંબો મહોર પ્રગટ કરેરે, મુનિ ત્યાં મંગળમાળ. સં૦૧૧

દોહરા.

ચોમાસું ઉતર્યા પછી, વિચર્યા ગુરૂ સંગાથ;
ગામ નગર પુર પાટણે, વિચર્યા આઠે માસ.

ઢાળ ૫ મી.

મન મંદિર આવો રે કહું એક વાતલડી–એ રાગ.

પછી જામનગરમાંરે, ચાતુરમાસ કર્યું,
ઓગણીસ અડત્રીશેરે, વર્ષે દુઃખ હર્યું,
જામ સાહેબ ભાવેરે, ગુરૂ પાંસે આવ્યા,
તપ જપને ઓચ્છવરે, શંઘને મન ભાવ્યા. ૧

સાખી.

ઓગણીસસેં ઓગણુચાળીશે, કચ્છદેશ કોડાય,
ચોમાસું ભાવે કરે, ભ્રાતૃચંદ્ર ગુરૂરાય. ૨

(પૂર્વ ચાલ)–શંઘ ફરતા ગામથીરે, વાંદવા ત્યાં આવ્યો,
બહુ તપ જપ ઓચ્છવરે, સૌને મન ભાવ્યો,
જ્યાં મોટા વિચરેરે, ત્યાં મંગળમાળા,
રામ જ્યાં ત્યાં અયોધ્યારે, ન ઈતિ ભીતિ ચાળા. ૩

સાખી.

ચોમાસું ઉતર્યા પછી, ગુરૂ માંડળમાં જાય;
માસકલ્પ કરી ગામનાં, ભાગ્યાં તડ દુઃખદાય. ૪

(પૂર્વ ચાલ)–પછી ચાળીસ ચોમાસુંરે, વીરમગામ થાવે,
અંગ ભગવતી ભાવેરે, શંઘ ત્યાં વંચાવે,
ત્યાં જપ તપ ઓચ્છવરે, ધવળ મંગળ ગાવે,
ગોરી મોતીડે વધાવેરે, સદ્ગુરૂને ભાવે. ૫

સાખી.

વળી એકતાળીસનુ થયું, માંડળ ચાતુરમાસ,
સડો કુસંપ તણો ગયો, શંઘમાં સંપ નિવાસ. ૬

(પૂર્વચાલ)—પછી કચ્છ કોડાયેરે, ચોમાસું થાવે,
બેતાળીશ સાલેરે, બોધ ભવિક પાવે.
ત્રેતાળી ચોમાસુંરે, ભુજ નગર ભાવે,
ત્યાં મંત્રી દરબારીરે, ગુરૂના ગુણ ગાવે. ૭

દોહરા.

ગામ નગરપુર વિચરતા, મરૂધર પાવન કીધ;
પાલીમાં આવ્યા પછી, જ્યાં ગુરૂ ત્યાં નવનિધ. ૧
કરણાવત ભગવાનજી, વિનવી ગુરૂ લેઇ સાથ,
કાડયો કેશરીયા તણો. શંઘ રંગ સંગાથ. ૨
શ્રી કેશરીયા નાથની, જાત્રા કરી ઉલ્લાસ,
વીર-ભૂમિ મેવાડમાં, વિચર્યા આઠે માસ. ૩

ઢાળ ૬ ઠી.

ઝાંઝરીયા મુનિવર ધન ધન તુમ અવતાર—એ રાગ.

ચતુરમાસ ચુંવાળીનુ જી, પાલી શહેર મોઝાર,
ઓચ્છવ રંગ વધામણાજી, સદ્દગુરૂ ધર્મ દાતાર,
ગુણવંતા ગુરૂજી ભૂતળ કરેરે વિહાર—એ આંકણી. ૧
વિકાનેર પીસતાળીએજી, જ્યાં ગચ્છપતિ સૂરિ હેમ,
તપજપ મ્હોત્સવ બહુ થયાજી, શંઘને મન અતિ પ્રેમ. ગુ. ૨

અગીબાઇના શંઘમાંજી, જેસલમેર નિરધાર,
તડ ભાંગ્યાં સંપ શંઘમાંજી, ઉઘડયા જ્ઞાન ભંડાર. ગુ.૩
મહારાજા અતિ ખુશી થયાજી, લે ગુરૂરાજની ભેટ,
ચતુરમાસ છેતાળીનું જી, અણુહીલપાટણ નેટ. ગુ. ૪
જામનગર સુડતાળીનું જી, ચોમાસું સુખે થાય,
કોઠારી ગુરૂ શંઘને જી, સિદ્ધાચળ લેઇ જાય. ગુ. ૫
માસકલ્પ હળવદ કરે જી, તપ જપ ઓચ્છવ થાય,
ત્યાંથી ધ્રાંગધ્રે ગયા જી. મહા મંગળ વરતાય. ગુ. ૬
પાર્શ્વચંદ્રસૂરીરાજની જી, પાદુકા ઠવી શુભ માંહ્ય,
પછી બજાણે ગુરૂ ગયા જી, ધામધૂમ અતિ થાય. ગુ. ૭
નશીબખાંન દરબાર શ્રીજી, વંદે ગુરૂના પાય,
ત્યાંથી પાટડીએ ગયા જી, મોટો મહોત્સવ થાય. ગુ. ૮
અજીમગંજ વાશી વશ્યા જી, ગણુપતસીંહ બાબુરાય,
શ્રી સૂરજમલ રાજવી જી, જ્ઞાન ગોષ્ટિ કરે ત્યાંય. ગુ. ૯
બુદ્ધસીંહ બાબુ કરે જી, ગુરૂની ભકિત અપાર,
વીરમગામ જઇ ભાંગીયા જી, તડ કર્યો સંપ શ્રીકાર.ગુ. ૧૦
ચોમાસું અડતાળીનું જી, કરે માંડળ ગુરૂરાય,
ભગવતીસૂત્ર વંચાવીયું જી, તપ જપ ઓચ્છવ થાય. ગુ. ૧૧
જયાં ગીતારથ વિચરે જી, ત્યાં નીત્ય મંગળમાળ,
સાકળચંદ ગુરૂ રાજનું જી, ગાય ચરિત્ર રશાળ. ગુ. ૧૨

દોહરા.

ચોમાસું ઉતર્યાં પછી, વિચર્યા ગામોગામ,
ઓગણપચાસની સાલમાં, રાજનગર વિશ્રામ. ૧
શામળા પાસની પોળમાં, ચોમાસું કરે ત્યાંય,
દીપચંદ્ર ગુણચંદ્રમુનિ, સાથે લેઈ ગુરૂરાય. ૨
ચોમાસું ઉતર્યા પછી, વિચર્યા આઠે માસ,
સંઘ તણા અતિ આગ્રહે, રાજનગર ફરી ખાસ. ૩
ઓગણીશેં પચાસનું, રાજનગર ચૈમાસ,
શામળા પાસની પોળમાં, કરી પુરે ગુરૂ આશ ૪

ઢાળ ૭ મી.

ભવિ તમે વંદોરે સુરીશ્વર ગચ્છરાયા—એ રાગ.

ગુરૂ ગુણ ગાઇને લાલ, સમકીત નિર્મળ કીજે,
નિશદિન ધ્યાઇને લાલ, શાંત સુધારસ પીજે. આંકણી.
સમતાસાગરમાંથી ગાગર, જો ગુરૂ અમને આપો,
કાંય ન ઓછું થાય તમારે, મારે પાપ સંતાપો. ગુરૂ. ૧
યશોધર ચરિત્ર સુણાવે ગુરૂજી, શી વૈરાગની શ્રેણી. !
શ્રોતાની કંપે સુણી કાયા, ધન્ય ગુરૂ રહેણી કહેણી.ગુ૦ ૨
ગુરૂના બોધથી જૈન સરસ્વતી, સભા સ્થાપના કીધી,
પ્રમુખ પદે હઠીશંઘને સ્થાપ્યા, કવિને પદવી દીધી. ગુ૦ ૩
તપ જપ ઓચ્છવને ઉજમણા, કૈકે બ્રહ્મવૃત લીધાં,
ઘર ઘર મંગળમાળા વરતી, ભવિજન કારજ સિદ્ધાં, ગુ૦૪

ચોમાસું ઉતરે મહીજ ખેડા, માતર વળી પેટલાદે,
કરી વિહાર ખંભાત પધાર્યા, ભકિત થઇ ભલી ભાતે,ગુ૦૫
એઠાવનનું ચાતુરમાસું, સ્તંભ નગરમાં કીધું,
ભગવતી સૂત્રાદિક સુણી શંઘે, જ્ઞાનામૃત શુભ પીધું. ગુ૦૬
સૂત્ર વંચાવી સ્વામીવત્સળ, વૈયાવચ ગુરૂ ભકિત,
ફુલચંદ માણેકચંદ તનુજે, વાવર્યું વિત્ત નિજ શકિત.ગુ૦૭
ચોમાસા પછી વિચરી ગુરૂજી, માંડળ આવ્યા રંગે,
ચંદનશ્રીને દીક્ષા આપી, સ્વામીવત્સળ કર્યાં શંઘે. ગુ૦ ૮
તે પછી વીઝુવાડે શંખેશ્વર, યાત્રા કરી છનીઆરે,
ત્યાં જિન પ્રતિષ્ઠા મ્હોત્સવ કીધો, ગુરૂ દર્શન દુઃખવારે.ગુ.૯
તે પછી બાવનનું ચોમાસું, રાજનગર કરે ભાવે,
મ્હોત્સવ તપજપ ધર્મ પ્રભાવના, મંગળમાળા થાવે. ગુ. ૧૦

દોહરા.

વીરમગામ માંડળ અને, ધ્રાંગધ્રાદિક ગામ;
વિચરી ટીકર થઇ ગયા, કચ્છદેશ ગુણગ્રામ ૧
ચોમાસું ત્રેપન તણું, મોટી ખાખર માંહ્ય,
ભગવતીસૂત્ર વંચાવીયું; મહામહોત્સવ થાય. ૨
દેવરાજ સુત રવજીએ, ખરચી કોરી લાખ,
બ્રાતૃચંદ્રાભ્યુદયની, સ્થાપી શાળા શાખ. ૩
વળી ભવિ નરનારી મળી, ખરચી દ્રવ્ય અપાર,
પૌષધશાળાદિક કર્યાં, ધર્મધામ સુખકાર. ૪

ઢાળ આઠમી.

એકદિન પુંડરીક ગણ ધરૂરે લાલ—એ રાગ.

દુદાપુર વાશી ભલારે લાલ, નામે ઠાકરસી સુજાણુરે હું વારી લાલ,
ગુરૂ ગુણ ગાઇએ ઘડી ઘડીરે લાલ, ઉગ્યો જે અભિનવ ભાણુરે,
હું વારી લાલ. ગુરૂ ગુણ ગાઇએ ઘડી ઘડીરે લાલ. એ આંકણી. ૧
દીક્ષા લે ગુરૂ હાથથીરે લાલ, મહોત્સવ કરે શ્રી શંઘરે. હું વારી.
નામ પુનમચંદ્ર ગુરૂ ઠવેરે લાલ, વાધે અતિ ઉછરંગરે. હું. ગુ. ૨
ત્યાંથી અણડાસે ગયારે લાલ, ભાંગ્યાં તડ કર્યો સંપરે હું વારી.
નલિએ તેરે પાછી શાહુરેરે લાલ, ન રહ્યો ક્યાંય કુસંપરે. હું. ગુ.૩
જ્યાં ત્યાં રંગ વધામણાંરે લાલ, શામૈયાંદિક ઠાઠરે. હું વારી.
સુથરીમાંહ્ય પધારીયારે લાલ, દે ઉપદેશનો પાઠરે. હું. ગુ. ૪
શાંતિશ્રીને આણંદશરીરે લાલ, દીક્ષા લે ગુરૂ હાથરે. હું વારી
ચોમાસું ચોપન તણુંરે લાલ, સુથરીમાં સંઘ સાથરે. હું. ગુ. ૫
સ્વામીવત્સલ ગુરૂભક્તિમાંરે લાલ, પુજા પ્રભાવના ભવ્યરે, હું.
ખેતશીભાઇએ વાવર્યુંરે લાલ, બંહાળે હાથે દ્રવ્યરે. હું. ગુ. ૬
ભગવતીસૂત્રની વાચનારે લાલ, સંભળાવે ગુરૂરાયરે. હું વારી.
મુક્તાફળના સાથીયારે લાલ, દર પ્રશ્ને દ્રવ્ય ઠાયરે. હું. ગુ. ૭
ગુરૂ વંદન બહુ આવીયારે લાલ, ફરતા ગામના શંઘરે હું વારી.
સ્વામીવત્સલ લ્હાણાં ઘણાંરે લાલ, દિન દિન ચઢતે રંગરે. હું. ગુ. ૮

દોહરા.

ચોમાસું ઉતર્યા પછી, વિચર્યા ઠામોઠામ;
પાવન કરતા પૃથ્વિને, આવ્યા મુંદરા ગામ. ૧

ત્યાં મૂળનાયક વીશમા, હતા પ્રથમ મૂળતખ્ત;
કોઇક કારણસર ઠવ્યા, શ્રી વીરને મૂળતખ્ત. ૨

પડખે સ્થાપ્યા સુવ્રતને, ચમત્કાર ત્યાં થાય;
રાત્રે ખશી આવે સદા, મૂળ તખ્તપર જાય. ૩

યત્ન અનેક કર્યા છતાં, બીંબ ન રહે સ્થિર તામ;
હસ્ત-સ્પર્શી ગુરૂથી રહ્યા, આજ લગે સ્થિર ઠામ. ૪

પછી ભદ્રેશ્વર તીર્થની, યાત્રા કરી નિરધાર;
પુરપ્રવેશ મહોત્સવ સહીત, આવ્યા ગુરૂ અંજાર. ૫

ઢાળ નવમી.

રાગ વસંત-તુંતો પાઠકપદ મનધર હો, એ રાગ.

તુંતો નિશદિન ભજ મુનિવર હો, હો ભવિક મન ભમરા; ટેક.
ખાત્રચંદ્ર ગુરૂ જગતશેઠના, ગુરૂ પદકજ ધરે શિર હો. ભ૦
લખપતિ છત્રપતિ ભક્ત ગુરૂના, શ્રાદ્ધ અનેક પ્રવર હો. ભ૦ ૧
ભક્તિ સ્તુતિ કરે ગુરૂની ભાવે, નગર અંજારના નરહો. હો. ભ.
પંચાવનની સાલે ચોમાસું, ત્યાંજ કરે ગુરૂવરહો. હો. ભ. ૨
દેશલપુરવાશી પુણ્યરાશી, હધુભાઇ ભવિનરહો. હો. ભ.
યોગ્ય જીવ હલુકર્મિ જાણી, દે દીક્ષા ગુરૂવર હો. હો. ભ. ૩
કંકુપત્રી લખી શંઘ તેડાવ્યા, ફરતા ગામ નગરહો. હો. ભ.

સ્વામી વત્સલ ધામધૂમ બહુ, અઠ્ઠાઇ મહોત્સવ વરહો. હો. ભ. ૪
જગતચંદ્ર જસ નામ ઠવે ગુરૂ, માનુચંદ્ર અપરહો. હો. ભ.
ચોમાસું ઉતરે ભુજ નગરે, પછી માંડવી બંદરહો. હો. ભ. ૫
જ્યાં ગુરૂ વિચરે ત્યાં ધન ઢગલે, સુકૃતમાં વરે તરહો. હો. ભ.
માળીયા ટીકરને ખાખરેચી, થઇ આવ્યા હળવદહો. હો. ભ. ૬
ધ્રાંગધ્રામાં પગલાં સ્થાપ્યાં, પાર્શ્વચંદ્રસૂરીશ્વર હો. હો. ભ.
ગામ ગામ વિચરીને આવ્યા, વીરમગામ મુનિવરહો. હો. ભ. ૭
ઓગણીસેં છપ્પનનું ચોમાસું, કરતા ત્યાં સુખભરહો. હો. ભ.
તપ જપ મ્હોત્સવ મંગળમાળા, સાંકળચંદ ઘર ઘરહો. હો. ભ. ૮

દોહરા.

સતાવનની સાલનું, રાજનગર ચોમાસ;
વાંચ્યું ઉવવાઇ-સૂત્ર ત્યાં, તપ જપ ઓચ્છવ ખાસ. ૧
અઠ્ઠાવનની સાલમાં, આવ્યા ગુરૂ ખંભાત;
પુરપ્રવેશ બહુ ટાડસહ, પધરાવ્યા ગુરૂ ભ્રાત. ૨

ઢાળ દસમી.

વીર-કુંવરની વાતડી કોને કહીએ. એ રાગ.

ભ્રાતચંદ્ર ગુરૂરાજને નિત્ય વંદો, હાંરે નિત્ય વંદોરે નિત્ય વંદો;
હાંરે કરી દર્શન પાપ નિકંદો, હાંરે ગુરૂ દરીયો જ્ઞાન. ભ્રા૦ ૧
સુમતિ શામજી ધારશી મન જાગી, હાંરે લઘુ વયથી અતિ વૈરાગી;
હાંરે દીક્ષા દે ગુરૂ વડભાગી, હાંરે સાગરચંદ્ર નામ. ભ્રા. ૨

મહોત્સવ સ્વામીવત્સલાદિક સારા,હાંરે શત્રુંજય મહાત્મની ધારા;
હાંરે વરશાવે ગુરૂમુખદ્વારા, હાંરે કર્યું ચોમાસું ત્યાંજ ભ્રા. ૩
ચોમાસું ઉતર્યા પછી શંઘ સાથે, હાંરે ગુરૂ જાય સિદ્ધાચળ પાથે;
હાંરે શંઘ કહાડે દીપચંદ હાથે, હાંરે ભેટયા ગિરીરાજ. ભ્રા. ૪
માસકલ્પ ગીરીરાજમાં કર્યો ભાવે,હાંરે પછી ચુડે-લીંબડીએ આવે;
હાંરે ત્યાંના ભૂપતિની ભેટ થાવે, હાંરે થઇ ધર્મની ગોઠ. ભ્રા. ૫
વઢવાણે ગુરૂરાજ તે પછી આવ્યા, હાંરે શ્રી શંઘના મનમાં ભાવ્યા;
હાંરે ચોમાસું રહેવાને મનાવ્યા, હાંરે ઓગણુસાઠની સાલ. ભ્રા.૬
ત્યાંબહુગામથીવાંદવા શંઘઆવ્યા, હાંરેસ્વામીભક્તિકરીપધરાવ્યા;
હાંરે વઢવાણુના શંઘે વધાવ્યા, હાંરે કરી ભક્તિ અપાર. ભ્રા. ૭
ચોમાસા પછી કેમ્પમાં ગુરૂ જાવે, હાંરે કરી શામૈયું મોતીડે વધાવે;
હાંરે ગુરૂને પૂરમાં પધરાવે, હાંરે દીધો બોધિનો લાભ. ભ્રા. ૮
એવા સદ્ગુરૂ રાજના ગુણ ગાશે, હાંરે તેના પાતક દૂર પળાશે;
હાંરે ગુરૂગુણના ગ્રંથ ગુંથાશે, હાંરે સાંકલચંદ હાથ. ભ્રા. ૯

દોહરા.

ગામ નગરપુર વિચરતા, માંડલમાં વિશ્રામ;
ત્યાં મહોત્સવ બહુ વિધ થયા, ગાય ગુરૂ ગુણ ગ્રામ. ૧
વીરમગામ ત્યાંથી ગયા, દીક્ષા મહોત્સવ થાય;
રાજશ્રીને હિત ધરી, દે દીક્ષા ગુરૂરાય. ૨
ઓગણીસેંને સાઠનું, ચોમાસું ત્યાં થાય;
ગુરૂવંદન બહુ ગામના, આવે શંઘ સદાય. ૩

અજીતનાથ મંદિર તણો, જીર્ણોદ્ધાર કરાય;
શ્રીગુરૂના ઉપદેશથી, મંગળમાળા થાય. ૪
પણ પાછળથી પ્લેગથી, વસ્તી ઉજ્જડ થાય;
જે ગુરૂના શરણે રહ્યા, આખી અણીએ ત્યાંય. ૫
અન્ય ગામ ગુરૂને જવા, કરે વિનંતી શંઘ;
ગુરૂ કહે ચોમાસે જતાં, જિન આણાનો ભંગ. ૬
બળતા દવ વચે રહ્યા, અડગ ઉણોદરી સાચ;
ગુરૂગુરૂશરણાગત વિષે, જરી ન આવી આંચ. ૭

ઢાળ અગીઆરમી.

(ભરતની પાટે ભૂપતિરે. એ રાગ.)

ચોમાસું ઉતર્યો પછીરે, માંડલમાં ગુરૂ જાય સલુણા;
દીક્ષા લે કમળશ્રીરે, તપ જપ ઓચ્છવ થાય સલુણા. ૧
જ્યાં જ્યાં ગુરૂજી વિચરેરે, ત્યાં ત્યાં મંગળમાળ સલુણા;
સીતાપુરને દેથળીરે, બેચર–ગામ દયાળ સલુણા. ૨
ભવિજનને પ્રતિબોધતારે, આવ્યા ગામ કલોલ સલુણા;
સ્થાનકવાશી બુઝીયારે, મૂર્તિમાં થયું મન ચોળ સલુણા. ૩
ત્યાંથી દભોડે ગુરૂ ગયારે, પછી પેથાપૂર જાય સલુણા;
કોન્ફરન્સ પ્રાંતીક ભરીરે, આણંદસાગર ત્યાંય સલુણા. ૪
બુદ્ધિસાગર આદિક મુનીરે, સાથે ગુરૂમહારાજ સલુણા;
ધર્મદેશના દેઇનેરે, તાર્યો ભવ્ય સમાજ સલુણા. ૫
પછી એકસઠની સાલમાંરે, રાજનગર ચૌમાસ સલુણા;

ઓચ્છવ રંગ વધામણાંરે, ગોરી રમે રંગે રાસ સલુણા. ૬
કચ્છ મુંબાઇ ખંભાતથીરે, આવ્યા વંદન શંઘ સલુણા;
તપજપઓચ્છવબહુથયારે,નિત્ય નિત્ય ચઢતે રંગ. સલુણા. ૭
વિનતી કરે ગુરૂરાયનેરે, ખંભાયતનો શંઘ સલુણા.
ભાવી ચોમાસું કીજીએરે, આણી ગુરૂ ઉછરંગ સલુણા. ૮
ચોમાસું ઉતર્યા પછીરે, વિચરે મહીયલ માંહ્ય સલુણા;
અનુક્રમે ખંભાતે ગયારે, શામૈયું શુભ થાય સલુણા. ૯
દેવશરીને દયાશરીરે, દીક્ષા લે ગુરૂ હાથ સલુણા;
ઉજમણાં ઓચ્છવ થયારે, તપ જપ કિરીયા સાથ સલુણા. ૧૦
દીપચંદ વિત્ત વાવરેરે, ગુરૂભક્તિ ભલિભાત સલુણા;
ચોમાસું બાસઠ તણુંરે, પૂર્ણ કરે ખંભાત સલુણા. ૧૧

દોહરા.

ગામ નગરપૂર વિચરતા, આવ્યા અમદાવાદ;
વીરમગામનો શંઘ ત્યાં, આપે ગુરૂને યાદ. ૧
અજીતનાથ મંદિર તણો, થયો પૂરો ઉદ્ધાર;
હવે પ્રતિષ્ઠા પર ગુરૂ, પધારીએ આ વાર. ૨
વીરમગામ ગુરૂજી ગયા, પુર્ણ પ્રતિષ્ઠા થાય;
શંઘ તણા અતિ આગ્રહે, રાજનગર ફરી આય. ૩
ચોમાસું ત્રેસઠ તણું, રાજનગરમાં થાય;
પંચમ અંગ વંચાવીયું, સાંકળચંદ સુખદાય. ૪

મુંબાઇથી વિનતિ નિમિત, આવ્યો શ્રેષ્ટિ સમાજ:
મુંબાઇ ગુરૂજી પધારીને, સફળ કરો અમ કાજ. ૫

ઢાળ બારમી.

રંગરશીયા રંગરસ બન્યો મનમોહનજી. એ રાગ.
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુણવંતાજી, મોટો ગુરૂનો ઉપકાર:
મનડું મોહ્યુંરે ગુણવંતાજી, એ આંકણી.
કાળક્ષેત્રની ફરસના, ગુ૦ કહે શંઘને ગુરૂ તેવાર. મનડું.
ભાવીભાવના યોગથી, ગુ૦ વિચર્યા ગુરૂજી મારવાડ. મનડું૦
પંચતીર્થિ જાત્રા કરી, ગુ૦ ચડીયા આબુનો પહાડ. મનડું૦૨
ફુલચંદ કાલંદ્રિયા, ગુ૦ શંઘે કેશરીયા નાથ. મનડું૦
જાત્રા અર્થે પધારીયા, ગુ૦ કરી જાત્રા શંઘની સાથ. મનડું૦૩
ચોમાસું ચોસઠ તણું, ગુ૦ કરે ઉદયપૂર ગુરૂરાજ: મનડું૦
ત્યાં બહુ ગામથી વાંદવા, ગુ૦ કરે વિનતી શંઘ સમાજ. મ૦ ૪
પંચતીર્થિ ગોઢવાડની, ગુ૦ કરી યાત્રા પાલી ગામ: મ૦
જોદ્ધપૂર ત્યાંથી ગયા, ગુ૦ પાંસઠ ચોમાસું તામ. મ૦ ૫
ચોમાસું પુરૂં થએ, ગુ૦ ફળવૃદ્ધિની જાત્રા જાય; મ૦
નાગોરમાં જાત્રા કરી, ગુ૦ જાય વિકાનેર ગુરૂરાય. મ૦ ૬
શ્રાવક કચ્છ મેરાઉના, ગુ૦ જસ વેલજી પુર્વનું નામ: મ૦
દીક્ષા લે ગુરૂ હાથથી, ગુ૦ હવે પ્રસાદવીર તસ નામ. મ૦ ૭
પ્રધાનશ્રીને પ્રભાશરી, ગુ૦ ચંદનશ્રીની શિષ્ય થાય; મ૦
દીક્ષા દે ગુરૂ હેતથી, ગુ૦ ત્યાં ધવળ મંગળ વરતાય. મ૦ ૮

સંઘતણા અતિ આગ્રહે, ગુ૦ છાસઠ ચોમાસું ત્યાં થાય; મ૦
લખપતિ ધનપતિ શેઠીયા, ગુ૦ગુરૂ ભક્તિથી મન ઉભરાય.મ૦૯
ગામ નગરપૂરથી ઘણા, ગુ૦ ગુરૂ વંદન આવ્યા શંઘ; મ૦
ગુરૂ સ્વામી ભકિત અતિ, ગુ૦ કરી રાખ્યો રૂડો રંગ. મ૦૧૦
ચોમાસું પૂરૂં થએ, ગુ૦ કૂળવૃદ્ધિમાં આણી ઉમંગ: મ૦
ત્યાંથી શીવગંજે ગયા, ગુ૦ સાથે બહુ શેહેરના શંઘ. મ૦૧૧
જયાં ગુરૂ વિચરે ત્યાં સદા, ગુ૦ મંગળ માળા વરતાય; મ૦
રામ અયોદ્ધા થાય ત્યાં, ગુ૦ સાંકળચંદ ગુરૂગુણ ગાય. મ૦ ૧૨

—

દોહરા.

સંઘ ચતુરવિંધ એમ કહે, ગુરૂને આણી ઉમંગ;
હેમચંદ્રસૂરિ ગણપતિ, ભાખી ગયા મન રંગ. ૧
મુજ પાટે નિગ્રન્થ સૂરિ, વિનવી ભ્રાતૃચંદ્ર;
મહાપુરૂષ એ યોગ્ય છે, કરજો ત્યાગી સૂરિંદ. ૨
પૂર્વે પણ મેં કહ્યું હતું, લેવા એ પદસાર;
નિરમમ કહે કોણ ગચ્છનો, વહન કરે અતિ ભાર. ૩
પણ એ સૂરિ સ્વર્ગે ગયા, કરી ભલામણ સાર;
તસ આજ્ઞાથી તાસ–પદ, સાહાબ કરો સ્વિકાર. ૪
ઇત્યાદિક આગ્રહ થકી, વિધિ સહ શંઘ સમક્ષ;
સ્વિકારે સૂરિપદ ગુરૂ, નિરમમ સૂરીશ્વર દક્ષ. ૫
ઓચ્છવ રંગ વધામણાં, સ્વામીવત્સળ થાય;

યાચકને બહુ દાનથી, સંતોષ્યા સુખદાય. ૬
સૂરિપદ સ્થાપન સમયની, કરે સ્તુતિ વર સંઘ;
શ્રોતા સાંભળજો હવે, આણી અતિ ઉછરંગ ૭

—⋙※⋘—

સૂરીશ્વર સ્તવના.

હરીગિત છંદ

શ્રી પાર્શ્વચંદ્ર સૂરીંદ નાગપૂરીંદ તપગણ નભમણી,
તસપટ પરંપર ગણ ધુરંધર હેમચંદ્રસૂરી ગુણી;
નિગ્રંથ ગુરૂ તસ પાટ રાજે આજ ગાજે મુનિવરા,
ભવિ ભક્તિભાવે નમો નિશિદિન ભ્રાતૃચંદ્રસૂરીશ્વરા. ૧

છે શાંત દાંત મહંત કિરિયાપાત્ર સમતાસાગરૂ,
પંડિત પ્રવર વિદ્વાન બુદ્ધિનિધાન વિદ્યાઆગરૂ;
અઘઓઘવારક મહાપ્રભાવક ધર્મધોરી ધુરંધરા,
ભવિ ભકિતભાવે નમો નિશદિન ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરા. ૨

છે ભવ્ય આકૃતિ ધર્મમૂર્તિ પ્રભુ તુલ્ય મનોવૃતી,
તપ તેજ દીપે કદિ ન છીપે ભાગ્યની ચઢતી રતી:
વળિ શરદશશિ સમ સૌમ્ય કાંતિ શાંતિવાન શુભંકરા,
ભવિ ભક્તિભાવે નમો નિશિદિન ભ્રાતૃચંદ્રસૂરીશ્વરા. ૩

ગુરૂ ગચ્છનાયક જ્ઞાનદાયક સંઘમાં લાયક મુદા,
ગતરાગ રોષ ન દોષ જરિએ તોષ સુખ દુઃખમાં સદા;
છત્રીસ ગુણગણ યુક્ત સૂરીશ્વર ચરણ ગુણથી અલંકર્યા,
ભવિ ભકિતભાવે નમો નિશિદિન ભ્રાતૃચંદ્રસૂરીશ્વરા. ૪

જિનભાણુ અસ્ત થતાં સૂરીશ્વર જ્ઞાનદીપ પ્રકાશતા,
મિથ્યાંધકાર વિકાર ટાળી ભવિકજન પ્રતિબોધતા,
શુભ છંદ સાંકળચંદ કહે પાંવન કરો ભારતધરા,
ભવિ ભક્તિભાવે નમો નિશિદિન ભ્રાતૃચંદ્રસૂરીશ્વરા. ૫

ઢાળ ૧૩ માં

રાગ સારંગ.

ઓ સાહેબજી નેક નજર કરી નાથ સેવકને તારો-એ રાગ.

આજ આનંદ ભયો સૂરિપદ શ્રી ગુરૂ ભ્રાતૃચંદ્રજી સ્વીકારે,
પુણ્ય ઉદય થયો ભેઠયા સૂરીશ્વર ભાવે દુરિત નિવારે. ટેક.
આજ આનંદ અમૃતઘન વરસ્યા,આજ જિનશાસન દેવો હરસ્યા;
આજ સૂરિપદ ભ્રાતૃચંદ્ર ફરસ્યા. આજ૦ ૧
શ્રીનાગપૂરિય તપગણ ભાનુ, સુવિહિત સૂરિ પાર્શ્વચંદ્ર માનું;
તસ પટોધર હેમસૂરિ જાણું. આજ૦ ૨
તસ પાટે નિર્ગ્રંથ ગુરૂ ગાજે, સુવિહિત સૂરિ ભ્રાતૃચંદ્ર રાજે,
બિરાજ્યા શિવગંજમાં આજે. આજ૦ ૩
સુવિહિત પન્યાસે વિધિ કીધી, ધરી વાસ શંઘે અનુમતિ દીધી,
જિનશાખે સૂરિપદવી લીધી. આજ૦ ૪
ગુરૂ પંચ ઇંદ્રીને વશ કરતા, નવ વિધ બ્રહ્મચર્ય ગુપ્તિ ધરતા;
ત્રિવિધે ચઉ કષાય પરહરતા. આજ૦ ૫
પણ મહાવ્રત નિરતિચાર પાળે, નિર્મળ પંચાચારે ચાલે;
વળી સમિતિ ગુપ્તિ ત્રણ અજવાળે આજ૦ ૬

દેઇ બોધિબીજ ભવિ ઉદ્ધરજો, સારણુ વારણુ ગચ્છની કરજો;
સાંકળચંદનાં પાતક હરજો. આજ૦ ૭

—※—

ઢાળ ૧૪ મી.

માલણ ગુંથી લાવ્ય ગુણીયલ ગજરે—એરાગ.

દિવસ દીપે આજ આનંદકારી, સૂરિપદવી શ્રી ગુરૂએ
સ્વીકારી. દિવસ૦ એ ટેક.

ઉગ્યો સોનાનો સૂરજ આજે, આજ અમૃતના ઘન ગાજે;
આજ મંગળ વાજિંત્રો વાજે. દિવસ૦ ૧

નાગપૂરી વડતપ ગચ્છ ગાજે, પાટ હેમસૂરિને છાજે;
આજ ભ્રાતૃચંદ્રજી બિરાજે. દિવસ૦ ૨

સુવિહિત નિગ્રંથ સૂરીંદા, થયા પાર્શ્વચંદ્ર મુનિઇંદા;
કીધો કિરિયોદ્ધાર સૂરીંદા. દિવસ૦ ૩

તસ પાટે સૂરિ બહુ ત્યાગી, નિગ્રંથ થયા નિરાગી;
જ્ઞાન ધ્યાનથી શુભ લ'ય લાગી. દિવસ૦ ૪

પછી નિજ ગુરૂભક્તિ કીધી, છડી છત્ર ને પાલખી દીધી;
જગતશેઠે સાબાશી લીધી. દિવસ૦ ૫

આજ સૂરિપદ નિગ્રંથ ત્યાગી, બેઠા ભ્રાતૃચંદ્ર વડભાગી;
આજ પુણ્યદશા પૂર્વ જાગી. દિવસ૦ ૬

સૂરિ શાંત દાંત ગુણદરિયા, શ્રુતજ્ઞાન ધ્યાન અનુસરિયા;
છત્રીસ ગુણગણથી ભરીયા દિવસ૦ ૭

જંગમતિરથ સુખદાતા, નિષ્કારણ બંધુ ત્રાતા,
ભવિજનને સુધર્મના દાતા. દિવસ૦ ૮

સમતાસાગર ગુરૂરાયા, નહિ મોહ કોહને માયા,
કંચન વરણી જસ કાયા. દિવસ૦ ૯

ગુરૂધર્મધુરંધર ધોરી, નિર્ગ્રંથ ન પાસે કોરી;
અણી દુનિયાં દીવાની છોરી. દિવસ૦ ૧૦

ભવિ નર નારી ઉદ્ધરજો, સાંકળચંદનાં દુઃખ હરજો;
સૂરીશ્વર ભવિભવભય હરજો. દિવસ૦ ૧૧

દોહરા.

શીવગંજથી વિચરતા, આબુ પાલણપૂર;
અનુક્રમે રાજનગર ગુરૂ, આવ્યા ચઢતે નૂર. ૧

પુણ્યશરીને વાડીએ, દીક્ષા દે સૂરિરાય;
શામૈયું મોટું કરી, પધરાવ્યા પૂરમાંહ્ય. ૨

તે સામૈયું વર્ણવું, સંક્ષેપે આ ઠાર;
શ્રોતા સાંભલજો સકળ, પરહરી વિકથા ચાર. ૩

પૂરપ્રવેશ વેળા ગાએલાં ગીતો.

ઢાળ ૧૫ મી.

(ચાલો સાહેલી (૨) ભુવનેશ્વરીના)—એ રાગ.

ચાલો ગુરૂજી ચાલો ગુરૂજી ચરણકમળથી રાજનગર પાવન કરીએ;
અતિ ઉછરંગે ચઢતે રંગે ભવસાગરથી ભવિ નરનારી ઉદ્ધરીએ.
જનમનરંજન જિનવચનામૃત બંધુવિધુ મુખથી ઝરીએ;
બોધિબીજ દેઈ ભવિજન મનના ત્રિવિધ તાપ પાપજ હરીએ;
સમતાસાગરમાંથી ગુરૂજી સજ્જન મન ગાગર ભરીએ.
ચાલો ગુરૂજી૦ ૧

સુવિહિત ગુણદરિયો ગીતારથ ભાતચંદ્ર સૂરિરાજ મલ્યો;
ક્યાં સુરતરૂ ઉગ્યો મરૂધરમાં ગુર્જરભૂમીમાં આજ ફળ્યો.
ગુરૂ વચનામૃત ફળ સાંકળચંદ સંઘ સકળ ચાખે સબળો.
ચાલો ગુરૂજી૦ ૨

ઢાળ ૧૬ માં.

માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો—એ રાગ.

સાહેલી જોવા આલ્ય ગુરૂજી પધાર્યા,
જેણે રાગ ને દ્વેષ નિવાર્યા. સાહેલી જોવા૦ ૧

આજ ભ્રાતૃચંદ્ર સૂરિરાયા, આજ રાજનગરમાં સુહાયા;
કરી શામૈયું સંઘે વધાવ્યા. સાહેલી જોવા૦ ૨

આજ ધન્ય દિન ધન્ય ઘડી વેળા, મહા મંગળ રેલમ્ છેલા;
થયા મનવાંછિત ગુરૂ મેળા. સાહેલી જોવા૦ ૩

આજ પૂરવના પુણ્ય જાગ્યાં, આજ વૈરી અનાદિના ભાગ્યા;
આજ મે' વર્ષ્યા મ્હો માગ્યા. સાહેલી જોવા૦ ૪

બ્હેની મોતીના સાથિયા પૂરો, કરી ગુંહલી ચોગતિ ચૂરો;
ગુરૂભક્તિનો ઉગ્યો અંકુરો. સાહેલી જોવા૦ ૫

છત્રીસ ગુણગણ સૂરિરાયા, ભવરણમાં શીતળ છાયા;
નહીં મોહ કોહ ને માયા. સાહેલી જોવા૦ ૬

ગુરૂગુણ ગંગાજળ ઝીલી, સીંચીએ ગુણવાડી સાહેલી;
વધે સમકિત વૃક્ષની વેલી. સાહેલી જોવા૦ ૭

એવા શાંત દાંત સૂરિરાયા, ભજી પાવન કરીએ કાયા;
ગુણ સાંકળચંદે ગાયા. સાહેલી જોવા૦ ૮

ઢાળ ૧૭ મી.

પૂર પ્રવેશ સમયે નગરના દેખાવનું વર્ણન.

સારૂંસારૂં રે સુરત શહેર મુંબાઇ અલબેલી—એ રાગ.

દિન સફળ ઘડી પળ આજ, ગુરૂજી પધાર્યા છે;
આજ પૂરપ્રવેશ સૂરિરાજ કાજ સુધાર્યા છે.—ટેક.

ભ્રાતૃચંદ્ર સૂરિરાજ પધાર્યા, આનંદ બાળગોપાળરે;
રાજનગરમાં આજ દીવાળી, ઘર ઘર મંગળમાળ. ગુ. ૧

ઘર ઘર તરીયાંતોરણ શોભે, ઉડે ધ્વજ આકાશરે;
બિચ બિચ મુક્તાફ્ળની શ્રેણી, માનું જ્યોતિપ્રકાશ. ગુ. ૨

ઠામ ઠામ મંડપની રચના, જાણે દેવવિમાનરે;
શામૈયું કરી અતિ ઉછરંગે, સંઘે કર્યું સન્માન. ગુ. ૩

વાજાં વાજે અંબર ગાજે, નોબત ને નિશાનરે;
અલબેલા સાબેલા હય પર, ચઢીયા દેવસમાન. ગુ. ૪

આજ પ્રભાતે પ્રભા સૂરિની, સૂર્યથી સ્પર્ધા કરતીરે;
ચિંતે ભાનુ હું નભવાસી, આ સૂર ઉગ્યો ધરતી. ગુ. ૫

ગુરૂમુખ જોતી વધાવતી મોતી, બાળા ગુણ મણીમાળારે;
સાજન મહાજન ચાલે સાથે, મંગળ બોલે બાળા. ગુ. ૬

રાજહંસ સૂરીશ્વર અગ્રેસર, જ્ઞાન ધ્યાનમાં મહાલેરે;
ઉપયોગે પદકજથી ભૂતળ, પાવન કરતા ચાલે. ગુ. ૭

રાજમાર્ગ સંકિર્ણ થયા બહુ, મળ્યા લોકના થોકરે;
ગુરૂમુખ જોવા જન કેઇ ચઢિયા, માળ અટારી ગોખ. ગુ. ૮

આજ મહોદય સફ્લ મનોરથ, પૂરવનાં પુણ્ય જાગ્યાંરે;
શામળાપાસ પોળે સૂરિ આવ્યા, પાપમેવાશી ભાગ્યા. ગુ. ૯

તત્વવીણા ગુણજ્ઞાનની વાગી, ભારતભૂમિ નિરધારરે;
શાંત સુધારસ ધર્મદેશના, સુણે ભવિક નરનાર. ગુ. ૧૦

ગુરૂગુણ ગંગાજળને ઝીલી, સીંચો ભવિ ગુણવાડીરે;

અનુભવ પુષ્પ ખીલે ઉર ઝામે, સમકિત સુરતરૂ દા’ડી. ગુ. ૧૧

મુકુટમણી શ્રી સંઘતિલક ગુરૂ, સભાસરસ્વતી તાજરે;
સંઘ સમુદ્રમાં સંપની ભરતી, ભરજ્યો કલાનિધિ આજ. ગુ. ૧૨

વિનય વિવેકને વિદ્યા વધશે, શ્રદ્ધા ને સમકીતરે;
ક્લેશ કુસંપ જશે જડમૂળથી, જશે રોગ ઇતિ ભીત. ગુ. ૧૩

સદ્દગુરૂરાજ પ્રભાવે થાશે, સંઘમાં મંગળમાળરે;
સંપ જંપ સ્મૃદ્ધિ સાંકળચંદ, થાશે લીલ વિશાળ. ગુ. ૧૪

દોહરા.

ચોમાસું અડસઠ તણું, રાજનગરમાં થાય;
નવ દીક્ષીતને વિધિ સહિત, દે વડી દીક્ષા ત્યાંય. ૧

ચાતુરમાસ પછી સૂરિ, ગામ ગોધાવી જાય;
વીરમગામ થઇને ગુરૂ, માંડલમાં રોકાય. ૨

શંઘ તણા અતિ આગ્રહે, અડસઠ ચાતુરમાસ;
માંડળમાં સૂરીશ્વરૂ કરે, ત્યાં તપ જપ વિધિ ખાસ. ૩

ચોમાસું ઉતર્યા પછી, માંડલમાં સૂરિરાય;
પાર્શ્વચંદ્રસૂરિયંત્રની, કરે સ્થાપના ત્યાંય. ૪

ઢાળ અઢારમી.

મનડું મોહી રહ્યું તારૂંજી—એ રાગ.

ગુરૂ દરીયા ગુણના ભરીયા, ભવિજનને તારી તરીયારે.
મનડું મોહી રહ્યું સાહ્યબજી—એ આંકણી.

નિર્ગ્રન્થ ગીતારથ ધોરી, જસ પાંસે નહિ એક કોરીરે. મ૦ ૧
ત્યાંથી શંખેશ્વર જાવે, કરી જાત્રા સૂરીશ્વર ભાવેરે, મ૦
ગામ દશાડાને પાટડીએ, તપ જપ મ્હોત્સવ ઘડી ઘડીએરે. મ૦
પછી ગામ નગરપૂર વિચરી, ધ્રાંગધ્રે પધાર્યા સૂરીરે. મ૦
અગણોતેરનું ચોમાસું, શંઘ આગ્રહથી કર્યું ખાસુંરે; મ૦ ૩
ત્યાં વિદ્યાશાળા સ્થાપી, સૂરિની કીર્તિ જગ વ્યાપીરે; મ૦
ત્યાં તપ જપ ઓચ્છવ કીધો, સ્વામીવત્સલથી જશ લીધોરે.મ૦૪
પ્રીતીશરીને દીક્ષા આપી, તસ ગુરૂણી પાંસે સ્થાપીરે. મ૦
વળી રાજનગરના વાશી, જેઠાભાઇ સંસારે ઉદાશીરે. મ૦ ૫
દીક્ષા સૂરીશ્વર તસ આપે, જસ જયશિખરાભિધ સ્થાપેરે. મ૦
ત્યાંથી સૂરિ કોંઢ પધાર્યો, પછી હળવદમાં નિરધાર્યોરે. મ૦ ૬
પછી કચ્છ જતાં સૂરિરાયા, કાંઇ સીથીલ થઇ નિજ કાયારે. મ૦
તેથી શંઘ વિનંતી સ્વિકારી, ફરી ધ્રાંગધ્રામાં પધારીરે. મ૦ ૭
ત્યાંથી રાજનગર સૂરિ આવ્યા, સૌ શંઘના મનમાં ભાવ્યારે. મ૦
ત્યાં વેલશીને દીખ આપે, તસ નામ કેશરીચંદ્ર સ્થાપેરે. મ૦૮
ગુરૂભક્ત હઠીસિંઘ નામે, ગુરૂ પહેલાં સિધાવે સ્વધામેરે. મ૦
તસ સ્ત્રી તસ આજ્ઞા પાળી, કરી પૌષધશાળા વિશાળીરે. મ૦૯
વળી ભંડાળ ભારે આપે, હઠીશિંઘ (સરસ્વતી) સભા-
ભિધ સ્થાપેરે. મ૦
દશબાર હજાર દ્રવ્યખરચ્યા, ગુરૂ-સ્વામીભક્તિમાં અરચ્યારે. મ૦
થયું શરીર નરમ સ્થિતિ જાણી, ચોમાસું રહ્યા ગુરૂ જ્ઞાનીરે. મ૦

શીતેર ઇકોતેર ખાસા, કર્યાં રાજનગરમાં ચોમાસારે મ૦ ૧૧
ગુરૂ વંદન હેતે આવે, પૂર ગામ નગર શંઘ ભાવેરે. મ૦
તપજપ સ્વામી–ગુરૂભક્તિ, સાંકળચંદ થાય અતિ જુક્તિરે. મ૦૧૨

દોહરા.

અંતીમ ચોમાસાં ઉભય, રાજનગરમાં થાય;
શરીર સિથીલ થયું તે સમે, કયાંય ન વિચરી શકાય. ૧
બે દિન શાતા વેદની, ધર્મધ્યાન લયલીન,
પરમેષ્ટિ પદ પાંચમાં, અંત સમે તલ્લીન. ૨
અનિત્ય ભાવના ભાવતાં, અનશન સાથે નાથ;
હંસરાજ ઉડી ગયો, નમો જિણાણું સાથ. ૩
હાહાકાર! થયો સકળ, પ્રસરી પૂરમાં વાત;
હસ્તાળો સઘળે પડી, કરે લોક કલ્પાંત. ૪
માઠી ખબર તણા તુરત, છુટ્યા તાર સમસ્ત;
મુંબાઇ આદિક શહેરથી, આવ્યા અગણિત ગ્રહસ્થ. ૫
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ ગુણનો ભંડાર;
હા! કિરતાર કુડું કર્યું, કરે ભક્ત પોકાર. ૬

ઢાળ ૧૯ મી.

અરણીક મુનિવર ચાલ્યા ગોચરી—એ રાગ.

સુગુણ સનેહારે ઘડીય ન વિસરે, શ્રી ભ્રાતૃચંદ્રસૂરિરાજરે;
શાસન સુભારે સ્વર્ગ સિધાવિયો, કયાં પ્રગટયો દિન આજરે. સુ.

ભુજ મુનિ ભક્તિશશિ સંવત્સરે (૧૯૭૨), કૃષ્ણ પક્ષ વૈશાખેરે;
અષ્ટમી રાત્રેરે રાજનગર વિષે, અસ્ત દીપક થયો દાખેરે. સુ. ૨

જ્ઞાનદિવાકર આજ ડુબી ગયો, મધ્યવયે શુભ ધ્યાનેરે;
સ્વ–પર સમય જાણગ ગુરૂ કયાં ગયા ? નિશ્ચય દેવ વિમાનેરે. સુ.

ભારતભુષણ ગત દુષણ ગુરૂ, સમતા સાગર ધીરરે;
મિથ્યામત ઘનઘોર વિખેરવા, અપ્રતિબદ્ધ સમીરરે. સુ. ૪

પંખી મેળોરે તજી શિષ્ય વર્ગનો, હંસરાજ ગયો ઉડીરે;
નિરાગીથીરે રાગની રીતડી, પ્રીત અનિત્ય એ કુડીરે. સુ ૫

ધર્મપ્રસાદનો ભાગ્યો થાંભલો, ત્રુટી પુણ્યની પાજરે;
ગિરવા ગુણનિધિ ગીતારથ ગયા, સકળ મુનિ શિરતાજરે. સુ. ૬

ભવ્યસ્વરૂપ તપતેજ દિવાકરૂ, ગૌર વર્ણ ગુરૂરાજરે;
કંચન વરણીરે કાયા ગુરૂ તણી, ભવોદધિમાં ગુરૂ ઝાઝરે. સુ. ૭

સૌમ્ય શીતળતારે ચંદ્ર સમાનતા. સાગર સમ ગંભીરરે;
અમીય કચોળાંરે નેત્ર બે નિર્મળાં, વયણખરે કુલ વીરરે. સુ. ૮

જંગમતીરથ સુરતરૂ શાહ્યબો, મુનિપતિ કરૂણા સીંધુરે;
પરમપુરૂષ પરમારથ પુતળુ, નિષ્કારણ જગબંધુરે. સુ. ૯

ધર્મધુરંધર ધોરી ભાગીયો, રથડો દડ પડ્યો ધાડોરે;
વળી કોઇ એવોરે સદ્ગુરૂ પાકશે, કાડશે ખુત્યો ગાડોરે. સુ. ૧૦

સેવક કહીનેરે કોણ બોલાવશે ? કોણ કરશે શંઘ સાજરે ?
પાપ તાપ હવે કોણ નિવારશે ? કયાં સરશે હવે કાજરે ? સુ.

વહેલા મોડારે સૌ સંસારમાં, સંચરવું એ વાટેરે;

પણ ગુરૂ નિજ–પર કારજ સાધીને, કર્મ નિકાચીત કાટેરે. સુ.
સમરણ કરતાંરે એ સુરિરાજનું, મટે પાપ સંતાપરે;
સ્વપ્નમાં મળજોરે એક દિન સાહાગા, સાંકળચંદને આપરે. સુ.

દોહરો.

હીરો હિંદ તણો ગયો, રહયો ન કાંઇ ઇલાજ;
સાંધ્યું જાય ન આઉખું, ઇંદ્ર ચંદ્ર જિનરાજ. ૧

ઢાળ ૨૦ મી.

કપુર હોય અતિ ઉજળોરે—એ રાગ.

ગુણનિધિ ગીરૂવા કયાં ગયારે ? શંઘ સકળ આધાર;
રાજનગર વાશી રડેરે, નયણે આંસુડાની ધારરે.
સ્વામી દો દરસણ એકવાર, અમને કોણ આધારરે. સ્વા. ૧
ન્હવરાવી સ્થુલ દેહનેરે, ચરચ્યું ચંદન અંગ;
વસ્ત્રાદિક ધારણ કર્યારે, ધર્મધ્વજા ઉત્સંગરે. સ્વા. ૨
નગરવાશી નરનારીઓરે, આવ્યાં વંદન કાજ;
નયણે આંસું ઢાળતારે, શોકાતુર થયા આજરે. સ્વા. ૩
જરકશીની સીબિકા રચીરે, પધરાવ્યો સ્થુલ દેહ,
ગ્રહસ્થ શ્રાવક સ્કંધે ધરેરે, આણી ધર્મ સનેહરે. સ્વા. ૪
જયનંદા ભદ્રાદિકેરે, કરી ઉદ્‌ઘોષણા માન;
સહસ્રાગમે શ્રાવક મળીરે, લેઇ ચાલ્યા શમશાનરે. સ્વા. ૫

શ્રેષ્ટિસકળ શ્રાવક ઘણારે. સહુસ બે ત્રણ અભડાય;
આગળ નાણા ઉછળેરે, પાછળ દાણા લૂટાયરે. સ્વા. ૬
દુધેશ્વરમાં લેઇ ગયારે, રચી ચંદન ચય સાર;
પધરાવી ચય પાલખીરે, કીધો અગ્નિ સંસ્કારરે. સ્વા. ૭
નિર્ધૂમ અગ્નિ શિખા વધીરે, ગયણ ભણી તે જાય;
ભષ્મ થઇ ગુરૂ દેહડીરે, ગંગામાં વહેવરાયરે. સ્વા ૮
નિરાશી શ્રાવક થયારે, આવ્યા આંસુભેર,
શાન્તિ ઉપાશ્રય સાંભળીરે, શાન્ત થયા એણીપેરરે. સ્વા. ૯
રજ–દડમાં પગલાં પડયાંરે, ફરતો પુલનો હાર;
શ્રાવક જોઇ નિશ્ચય કરેરે, પોહોચ્યા દેવ દવારરે. સ્વા. ૧૦
ઘડીય ન વિસરે સાહ્યબોરે, કયાં જઇ કરીએ પોકાર ?
સાંકળચંદ ગુરૂ સ્મરણથીરે, અલ્પ થાય સંસારરે. સ્વા. ૧૧

દોહરા.

સદ્‌ગુરૂના સ્થુલ દેહને, કરવા સૌ સંસ્કાર;
અમરતલાલે વાવર્યું, ગુરૂભકતે વિત્ત સાર. ૧
સૂરીશ્વર ગુણ સંભારતા, ભવિજન વારંવાર;
સ્તવના સદ્‌ગુરૂની કરે, સુણજો સૌ નરનાર. ૨

ઢાળ ૨૧ મી.

રાગ સોરઠ-વિમળા નવ કરશો ઉચાટ કે-એ રાગ.

વહાલા ભ્રાતૃચંદ્રસૂરિ સ્વર્ગથી આપ પધારજોરે;

વહેલા દર્શન દેઈને ભકતની ભીડ નિવારજોરે. એ ટેક.

દાદા દો દર્શન એક વેળા, ધન્ય દિન વેળા સજ્જન મેળા;
સાહ્યબ કોઈ દિન સેવકને સંભારજ્યોરે. વ્હાલા. ૧

નીશદિન સંત સમાગમ થાતો, વિયોગ નાથ નથી વેઠાતો;
અંતર લખકોટી ગાઊનું પડયું વારજોરે. વહાલા. ૨

પત્ર પાઠવો કે અહીં આવો, અથવા સંદેશો ગુરૂ કહાવો;
નીસનેહી ગુરૂ ધર્મસ્નેહ જરી ધારજોરે. વહાલા. ૩

ગુરૂ તુમ ચરણકમળમાં રહેતા, કવિરાજ હસી હસીને કહેતા;
સુખના એ દિન ગયા વહી દુઃખ વારજોરે વહાલા. ૪

ભકત અનેક સૂરીશ્વર તારે, હૈયા ઠારણ એક તું મારે;
સ્વપ્નાંતર એક વેળા આપ પધારજ્યોરે. વહાલા. ૫

કાજ સાધી નિજ સ્વર્ગ સિધાવ્યા, સેવકને જરી યાદ ન લાવ્યા;
દયા કરી પાછો પ્રતિઉત્તર વાળજોરે. વહાલા. ૬

પણ એ વાટે જે જન જાવે, તે ફરી કોઇ કાળે નવ આવે;
મોહથી બોલ કહ્યા એ મોહ નિવારજોરે. વહાલા. ૭

શું ઝાઝું કહું સદ્‌ગુરૂ પ્યારા, ઘડીય ન રહો અંતરથી ન્યારા;
પાપનિકંદન ભવભયભંજન તારજોરે. વહાલા. ૮

બાંહ્ય ગ્રહ્યાની લાજ જો ધારો, તો સાહ્યબ સેવકને તારો;
સાંકળચંદ કહે સૂરીશ્વર ઉદ્ધારજોરે. વહાલા. ૯

લલિત છંદ.

અરર દૈવ ત્હેં કોપ શો કર્યો ? સકળ શંઘનો આશરો હર્યો;
શરણ શંઘને ના રહ્યું જરી, તરણ તારણો કયાં મળે ફરી ? ૧

વિકટ આ સમે ક્યાં ગયા સુરી ? ગુરૂ વિના બધી શુન્ય થૈ પુરી;
ધરમ ધામના કામ ક્યાં થશે ? કુમત પંથના ફૂંદ જાગશે. ૨
હૃદયમંદિરે સ્થાપના કરૂં, રજનિ વાસરે ધ્યાન હું ધરૂં;
પતિતપાવનો પુજ્ય એ થયો, ધરમધામનો થાંભલો ગયો ૩
હૃદયમાં દયા આપ લાવજો, પરમ શાન્તિનો પાઠ કાવજો;
ભજન સાંભળી ભક્તનું અહીં, તરત આવજો સ્વર્ગથી વહી. ૪

દોહરા.

ગયા ન આવે સાજના, મળે ન ખબર કે પત્ર;
શોચ કરે ન વળે કશું, આપ અત્ર તે તત્ર. ૧
પરવાનો પહોંચ્યા તણો, મળે ન કોઇનો ખાસ;
વ્યર્થ મોહથી પ્રાણીયા, બાંધે કર્મનો પાસ. ૨
પણ ઉપકારી સાંભરે, શ્વાસ માંહ્ય સોવાર;
ધર્મગુરૂ ઉપકાર સમ, અવર ન કોઈ ઉપકાર. ૩

ઢાળ ૨૨ મી.

સંજમ કબહુ મિલે સસનેહા–એ રાગ.

સદ્ગુરૂ ક્યાં મળશે સસનેહા ? પ્યારા હો. સદ્ગુરૂ. ટેક.
ચરણ કરણ વ્રત ઉગ્રવિહારા, પાળે પંચાચારા હો. પ્યા૦ સ.
સ્વ–પરસમયજાણગસૂરિ સારા, કુમતિ કુતર્ક વિદારા હો. પ્યા૦ સ.
વરશ્યા જિન વચનામૃત ધારા, ભવ્ય હૃદય ભૂમિ ક્યારા હો. પ્યા૦
બોધિ બીજ પ્રગટ્યા અંકુરા, ફૂળ સ્વર્ગ અપવર્ગ દ્વારા હો. પ્યા૦

ગચ્છ ધુરંધરધોરી ઉદારા, જિન શાસન શણગારા હો. પ્યા૦સ.
કેવળી જિન રવી અસ્ત પ્રકારા. દીપક સમ ઉપકારાહો. પ્યા૦ સ.
કરૂણાસિંધુ સુબંધુ અમારા, પરમ ધરમ દાતારા હો. પ્યા૦ સ.
ભ્રાતૃચંદ્ર સૂરીશ્વર સુખકારા, સાંકળચંદ સરદારા હો. પ્યા૦ સ.

—✦—

દોહરા.

નિગ્રન્થ સાધુસાધવી, મુકી બહુ પરિવાર,
સૂરીશ્વર સ્વર્ગ સિધાવીયા, સૌ મન શોક અપાર. ૧
નિસનેહીથી સ્નેહ શ્યો ? સૌ જાણે સંસાર;
પણ ઉપકાર ન વિસરે, ગુરૂનો વારંવાર. ૨
સંસારી પાછળ રડે, સ્વજન વર્ગ પરિવાર;
જો માથુ પટકી મરે, પણ ન મળે મરનાર ૩
નિર્ગ્રન્થ મુનિ પાછળ રડે, તો પાતક બંધાય;
તસ આત્મા શાન્તિ નિમીત, તપજપ મ્હોત્સવ થાય. ૪
માટે સૂરિ પાછળ કર્યો, અઠ્ઠાઇ મહોત્સવ સાર;
અતિ આડંબરથી સકળ, શણગાર્યો જિનદ્વાર. ૫
મંડપની રચના રચી, માનું દેવ વિમાન;
શામળા પાસની પોળમાં, વીર મંદિર મંડાણ. ૬
જેઠ શુક્લ બીજથી શરૂ, પુર્ણ પુનમ દિન થાય;
વૃદ્ધસ્નાત્ર અતિ હર્ષથી, અગીયારશે ભણાય. ૭
સ્વામીવત્સલ તવ કરે, વાડીલાલ શ્રીકાર;

પાર્શ્વચંદ્રગચ્છ પોળસહુ, જમણુ જમાડે સાર. ૮
વરઘોડો જળયાત્રનો, છઠ દિન ચડયો શ્રીકાર,
નગરનિવાશી જન વિષે, આનંદનો નહીં પાર. ૯
લેશ માત્ર વર્ણન કરૂં, પૂર્ણ ન પદ્યમાં માય;
નિપુણ કવિ પણ નવ લખે, મહા મ્હોત્સવ મહિમાય. ૧૦

ઢાળ ૨૩ મી.

સખી સ્વપ્ન વિષે મનમોહન મેં-એ રાગ.

મ્હોત્સવ જિન મંદિર માંહ્ય કર્યો, આનંદ સકળ પૂરમાં પ્રસર્યો;.
શામળીયા પાસ પ્રભુ પોળે, મંગળમાળા બાળા બોલે. ૧
તરીયાતોરણ બાંધ્યાં દ્વારે, ઘર ધોળી રંગી શણગારે;
રંગોળી આંગણમાં પૂરે, વિધવિધ રચના જોઇ નેત્ર ઠરે. ૨
કેશર ચંદન ઘનસાર ઘસે, ચરચે પ્રભુ અંગે ભકિત વશે;
વિધવિધ અનુપમ આંગી વિરચે, વળી પુષ્પઘટા જિન અંગે રચે.
પ્રભુની પુજાઓ ભવ્ય ભણે, અડ સત્તર પ્રકારાદિક નિપુણે,
વરતાય ધવળ મંગળમાળા, ગીત ગાય રશાળા મળી બાળા. ૪
મંડપની રચના ભવ્ય કરી, માનું અલકાપૂરી અવની ઉતરી;
દરવાજા બાર શ્રીકાર કર્યા, મુકતાફળ તોરણ દ્વાર ધર્યા: ૫
દ્વારે બાંધી જરકશી ઝુલો, કશબી કાંગરીયો ઝીક કુલો;
ગુંથી રંગીન રેશમની જાળી, તે પર સુંદર બાંધી માળી, ૬
ત્યાં ઘડી ઘડી ચોઘડીયાં વાગે, ભુંગળ ભેરી તુરી શુભ રાગે;
વિધવિધ મંગળ વાજાં વાજે, જસ નાદ સુણી અંબર ગાજે. ૭

મંડપ પર મનહર તખ્ત ઠવી, પધરાવી છબી સૂરિરાજ ભવી;
તે આગળ લેખ લખ્યો ઉજળો, સૂરીશ્વર આત્માને શાન્તિ મળો.
બધું વર્ણન કવિ પદ્યમાં નાણે, જે નજરે ભાળે તે જાણે,
મ્હોત્સવ આવો કદી નવ દીઠો; સાંકલચંદ મન લાગ્યો મીઠો. ૯

વરઘોડાનું વર્ણન.

દોહરો.

વર્ણન વરઘોડા તણું, સુણો ભવિક નરનાર;
સંક્ષેપે આ સ્થળ કહું, સઘળો લેજો સાર. ૧

ઢાળ ૨૪ મી.

વારી પ્રભુ દશમા શિતલ નાથકે—એ રાગ.

વરઘોડો જળજાત્રાનો ચડીયો, આડંબરેરે લોલ;
સાકર કરા પડયા અમૃતઘન ગાજ્યા અંબરેરે લોલ.
શામળા પાસની પોળેથી વરઘોડો નિકળ્યોરે લોલ;
પુરવ પુણ્ય મહોદય જાગ્યાં સુરતરૂ શુભ ફળ્યોરે લોલ. ૧
ઇંદ્રધ્વજા સૌથી આગળ ફરકે ગયણાંગણેરે લોલ,
પાછળ નિશાન ડંકો પાયગા વાજી રણઝણેરે લોલ;
તે પાછળ ચારઠને બગીયો પાંસઠ સૌ મળીરે લોલ,
અલબેલા સાબેલા અંદર બેઠા હળીમળીરે લોલ. ૨
સુંદર સાબેલા અલબેલા હય ખંધે ચડયારે લોલ,

કામકુંવર સમ શોભે અંબર મણી રત્ને જડયાંરે લોલ;
બાબાગાડી ને શીબિકાનો પાર ન પામીએરે લોલ,
પાછળ વાજી નચાવે સ્વારો જગમાં ઝામીએરે લોલ. ૩

સૌ મળી એંશી ઘોડા ઉમદા ખોંખારે ઘણારે લોલ,
મણિમય કંચનની માઝળના ગરૂડસમા બન્યારે લોલ;
દેવદુંદુભી સમ વાજીંત્રો મધુરાં વાજતાંરે લોલ,
પ્રતિધ્વનિ સુણીને પુલકીત મન થઈ અંબર ગાજતાંરે લોલ. ૪

તે પછી મહાજન સાજન રાજન ચાલે મલપત્તારે લોલ,
શ્રાવક શેઠ શ્રીમંત ધિમંતની પૂર્ણ ખીલી લત્તારે લોલ;
મણિમય રથમાં શાન્તિનાથ પ્રભુની પ્રતિમા ઠવીરે લોલ,
પ્રભુ મુખ જોવા સન્મુખ આવ્યો ગયણે ફરી રવીરે લોલ. ૫

જિનરથ જોઇને રવીરથ થંભ્યો ચાલે નહિં જરીરે લોલ,
ભામંડળ પ્રભુ પાછળ છાજે સૌનાં ચિત્ત હરીરે લોલ;
દોદિશ ચામર નમિ પ્રભુને સૂચવે સંજ્ઞા કરીરે લોલ,
અમપરે જે ભવિ નમશે તે વરશે શિવસુંદરીરે લોલ. ૬

પાછળ મળી સોહાગણ ટોળી પ્રભુ ગુણ ગાવતીરે લોલ.
ગોખ અટારી ચડી કંઈ ગોરી મોતીડે વધાવતીરે લોલ;
મેદની મળી જોવા બહુ ભીડ થઇ તે અવસરેરે લોલ,
નગર નિવાશી નરનારી જય જય મુખ ઉચ્ચરેરે લોલ. ૭
એણીપરે અતિ આડંબરથી વરઘોડો ચાલીયોરે લોલ,
ં‌ાહારની વાડીએ જઇને ઉતર્યા સૌએ ભાળીયોરે લોલ;

પોંખ્યા પ્રભુ સોહાગણ બાઇએ આનંદ ઉર ધરીરે લોલ,
પવિત્ર ઉદકના કુંભા ભરીયા મંત્ર ક્રિયા કરીરે લોલ. ૮
ત્યાંથી પાછો નીકળી ઉતર્યો શામળા પોળમાંરે લોલ,
પ્રભુને મંદિરમાં પધરાવ્યા સૌ રંગચોળમાંરે લોલ;
જે ભવિ જળજાત્રાનો આ વરઘોડો ગાવશેરે લોલ,
સાંકળચંદ સદા સુખસંપદ લીલા પાવશેરે લોલ. ૯

ચોપાઇ.

સૂરિના સ્વર્ગારોહણ તણો, અઠ્ઠાઇ મ્હોત્સવ પુરો ભણ્યો,
નિર્વિઘ્ને સૌ કારજ સર્યાં, મહામંગળ ઘર ઘર વિસ્તર્યાં. ૧
જેઠ માસમાં ભુતલ તપે, અતિ તડકે જન મન આતપે;
પણ વરઘોડે વાદળઘટા, છત્ર સમાન બધે થઈ છટા. ૨
શિતળ મંદમંદ વા વાય, સૌ જન કહે વાહ! ગુરૂ મહિમાય;
એણીપેરે પ્રતિદિન ચઢતે વાન, પૂર્ણ થયો મ્હોત્સવ ગુણ ખાણ. ૩
મારવાડ કચ્છ ને મેવાડ, સકળ નગર પૂર ગોહલવાડ;
વીરમગામ માંડળ ખંભાત. કલકત્તા મુંબાઇ વિખ્યાત. ૪
જ્યાં જ્યાં વિચર્યા ભારતભાણ, ત્યાં ત્યાં મ્હોત્સવ મહી મંડાણ;
સકળ ઠામ મહા મ્હોત્સવ થયા, ભ્રાતૃચંદ્રસૂરિ સ્વર્ગે ગયા. ૫

કળસ.

રાગ ધનાશ્રી.

ગાયો ગાયોરે સંખેશ્વર સાહેબ ગાયો—એ રાગ.

ગાયો ગાયોરે, સૂરીશ્વર સાહેબ ગાયો આંકણી.

નાગપૂરી તપગચ્છ નંદન શ્રી, પાર્શ્વચંદ્રસૂરિ રાયો;
પાટ પરંપર અભિનવ ભાનુ, બ્રાતૃચંદ્રસૂરિ ઠાયોરે. સૂ૦ ૧
ગીતારથ ગુરૂ ગુણનો દરીયો, જ્ઞાનતરંગે સોહાયો;
બોધિબીજ અમૃત દેઈ ભવિને, અધુના સ્વર્ગે સિધાયોરે. સૂ૦ ૨
તાસ ચરિત્ર પવિત્ર નિરંતર, "ગુરૂ ગુણમાળે" ગુંથાયો;
જે ભવિ કંઠે ધારણ કરશે, વરશે વિજય સવાયોરે. સૂ૦ ૩
વિશ્વવંદ્ય સ્વર્ગસ્થ સૂરીશ્વર, વિજયાનંદસૂરિરાયો,
પરમ જ્ઞાનદાતા ઉપકારી, કવિ શિર કરકજ ઠાયોરે. સૂ૦ ૪
તસ પ્રભાવથી તસ નિર્વાણે, જે લઘુ ગ્રંથ રચાયો;
આદ્ય લેખ પદ્યબંધ કવિનો, ભારતવર્ષે ગવાયોરે. સૂ૦ ૫
રાજનગરવાશી ગુણરાશી, જનક પિતામ્બર પાયો;
સેવક સાંકળચંદ સ્વ હસ્તે, ચરિત્ર એ પવિત્ર લખાયોરે. સૂ૦ ૬
ભુજમુનિ ભક્તિશશિ સંવત્સર (૧૯૭૨) જ્યેષ્ટ પુનમ દિન ગાયો;
શંઘ સકળ ઘર લીલાલચ્છી, ધવળ મંગળ વરતાયોરે. સૂ૦ ૭
નવપદ મહિમા નવનિધિ દાયક, સ્વર્ગાપવર્ગ સહાયો;
ત્રીજું સૂરિપદ ગાતાં ધ્યાતાં, જયકમળા વરદાયોરે. સૂ૦ ૮

સમાપ્ત.

ઉપસંહાર.

સ્મારક વિષે સૂચના.

જંજાળી જીવડ઼ મુક્તિની જુક્તિ ન જાણી.—એ રાગ.

સૂરીશ્વર–સ્મરણાર્થે સ્મારક–ફંડ શુભ કરજો.
શક્તિ પ્રમાણે ગુરૂભક્તિ કરી, જગ જયકમળા વરજોરે. સૂરી. ટેક.
ભારતવર્ષે જ્યાં સૂરિ વિચર્યા, ત્યાં ગુરૂ સ્થુભ શુભ કરજો;
ગુરૂ-પગલાં ગુરૂ-પ્રતિમા સ્થાપી, બહોળું વિત્ત વાવરજોરે સૂ ૧
સ્મારક-ફંડ અખંડ ઉઘાડી, ફાળા સારા ભરજો;
સફળ કરી નિજ સુકૃત કમાણી, ભવ–ભય પાતક હરજોરે સૂ૦ ૨
આત્મચંદ્રાભ્યુદય નામથી, શાખા એક ઉઘાડો;
ગામ ગામ પ્રતિશાખા સ્થાપી, શુભ શુભ કામ ઉપાડોરે. સૂ૦ ૩
જ્ઞાનોદ્ધારને જીર્ણોદ્ધારે, યોગ્ય સ્થળે વ્યય કરજો;
સાધરમીને મદત કરીને, કોમ કુટુંબ ઉદ્ધરજોરે. સૂ૦ ૪
પ્રાથમિકને ઉંચ કેળવણીની, ધાર્મિક શાળા સ્થાપો;
આવશ્યક પ્રકરણ ને સંસ્કૃતનું, જ્ઞાન દાન શુભ આપોરે. સૂ૦ ૫
ધાર્મિક શિક્ષણની “ સ્કોલરશીપ ”, વિદ્યાર્થિને દ્યો દાનો,
હરીફાઇથી અભ્યાસ વધે બહું, પાકે બહુ વિદ્વાનોરે. સૂ૦ ૬
જ્ઞાનમંદિર સુંદર બંધાવો, જ્ઞાનભંડાર ભરાવો;
પુસ્તક શુદ્ધ લખાવી સ્થાપો, લ્યો “શ્રુત ભકિત” લ્હાવોરે. સૂ૦ ૭
દેવ–ભકિત ગુરૂ–સ્વામી ભકિત, જ્ઞાનભકિત શુભ કીજે,

મમતા તજી ચંચલ લક્ષ્મીની, અમૃત પ્યાલો પીજેરે. સૂ૦ ૮
ઇત્યાદિક સૂરીશ્વર સ્મર્ણાર્થે, ભક્તિ સફળ ભવિ કરજો;
નવમાં ત્રીજું પદ આરાધી, સાંકળચંદ જય વરજોરે. સૂ૦ ૯

દાસપરે દયા લાવોરે, દયાળુ દેવા દાસપરે—એ રાગ.

ગુરૂજી વિના અંધારૂંરે, મન મંદિરીએ ગુરૂજી વિના અંધારૂ—ટેક.
જ્ઞાનાંજન આંજી આંખે, તિમિર અજ્ઞાન ન રાખે,
ક્યમ ઉપકાર વિસારૂં રે ? મન મંદિરીએ ગુરૂજી વિના. ૧
ગુરૂ વિણ જ્ઞાન ન આવે, કોણ તત્ત્વાતત્વ બતાવે?
ગુરૂદિપક મનમંદિરીએ ધારૂં રે, મન મંદિરીએ ગુરૂજી વિના
મનમંદિર મૂર્ત્તિ સ્થાપું, જાપ જપી પાપને કાપું;
ભવદરીએ તરીયા ગુરૂજી તારૂરે, મન મંદિરીએ ગુરૂજી વિના.૩
ભવવનમાં ભૂલો ભટકું; પંથ ન સુઝે અટકું;
ગુરૂજી પસાયે પંથ પસારૂ રે, મન મંદિરીએ ગુરૂજી વિના. ૪
એવા નિષ્કારણ બંધુ, સદ્દગુરૂ કરૂણાના સિંધુ;
ગુણ ગંગાજળથી મળ પરિહારૂ રે, મન મંદિરીએ ગુરૂજી વિના.
સદ્દગુરૂ સ્મર્ણાર્થે કરીએ, સ્થાઇ સંસ્થા ઉદ્ધરીએ;
સાંકળચંદ સહાય ગુરૂ સંભારૂ રે, મન મંદિરીએ ગુરૂજી વિના.

દોહરો

પરોક્ષ દેવ સુધર્મનો, પ્રત્યક્ષ ગુરૂ ઉપકાર;
ધ્યાતાં ચાર પ્રમાણથી, વરતે મંગળ ચાર. ૧

ગુરૂ વિરહથી શિષ્ય વર્ગના વિલાપ.

વીરજી આખ્યાણેરે જગજન મોહીયોરે—એ રાગ.

ગુરૂજી ગુણવંતા ઘડી ઘડી સાંભરેરે, શ્રી ભ્રાતૃચંદ્ર સૂરિરાજરે;
શાસનસુભોસ્વર્ગે સીધાવીયોરે,કયાંપ્રગટયોદિનઆજરે? ગુરૂજી. ગુ
ભ્રાતા મમ ત્રાતા દાતા જ્ઞાનનારે, શાસનના શણુગારરે;
મધ્યવચે મનમોહન કયાં ગયારે? અમનેકરીનિરાધારરે ગુરૂજી. ગુ.
ગુરૂ તુજ ચરણકમળમાં બેસતારે, પુછંતા શાસ્ત્ર વિચારરે,
અર્થ અગોચર પૂરી ટાળતારે, સર્વ સંદેહ પ્રકારરે ગુરૂજી ગુ.
હા ! વિધિ વહેલા એ દિન વહી ગયારે, કોણ કરશે ગણુ સારરે?
અમીય દૃષ્ટિથી કોણ નિહાળશેરે? કયાંજઇકરીએપોકારરે ગુરૂજી? ગુ.
એવા ઉપકારા ગુરૂ નવ વિસરેરે, શ્વાસમાં સંભારૂ સો વારરે;
દીપકહેસૂરિસુણીમમવિનતીરે,દેજો દર્શનવહેલાએકવારરેગુરૂજી. ગુ.

સૂત સિદ્ધારથ ભૂપનોરે—એ રાગ.

ગુણનિધિ ગિરૂવા કયાં ગયારે ? શંઘ સકળ આધાર;
શિષ્ય રડે ગુરૂ વિરહથીરે, નયણે આંસુડાની ધારરે;
સૂરીશ્વર સાહ્યબા, દ્યો દર્શન એકવારરે. સૂરીશ્વર. ટેક. ૧
સભા સરસ્વતી સ્થાપિનેરે, કીધો ઘણો ઉપકાર;
વિદ્યાર્થી સુના પડયારે, હા ! હા ! ગુરૂ પોકારરે. સૂ૦ ૨
શાંતદાંત મનમોહનારે, સમતા સાગર વીર;
ગણચિંતક ગણપતિ વડારે, ધર્મધુરંધર ધીરરે. સૂ૦ ૩
દરીયો ભરીયો જ્ઞાનનોરે, તત્ત્વતરંગ ન માય;
પરિસહ નદીઓ પૂરથીરે, ગંભીર નવ છલકાયરે. સૂ૦ ૪

સૌમ્ય વદન શિતળ શશીરે, તરણી સમ જસ તેજ;
રૂપ કળા રતિપતિ સમોરે, કરૂણાસાગર સ્હેજરે. સૂ૦ ૫
પૂજક નિંદક સમપણેરે, તારે મન મહારાજ;
પ્રસન્ન વદન પ્રફુલીત મુદારે, સાધી ગયા નિજ કાજરે. સૂ૦ ૬
મધ્યવયે સ્વર્ગે ગયારે, સૂરીશ્વર જગદાધાર;
ધર્મકામ બાકી રહ્યાંરે, કયાં રૂઠયો કિરતારરે! સૂ૦ ૭
પથ્થર નવપલ્લવ કર્યોરે, કેમ ભૂલું ઉપકાર?
વિરહ ખમાય ન સાહ્યબારે, કયાં કરૂં જઇ પોકારરે? સૂ૦ ૮
જાણ અજાણપણે થયોરે, અવિનય ગુરૂજી અગાધ;
માફી માગું સાહ્યબારે, ખમજો મુજ અપરાધરે. સૂ૦ ૯
એવા ઉપકારી ગુરૂરે, ધર્મ તણા અવતાર,
જગદાનંદ કહી લાડમાંરે, બોલાવો એકવારરે. સૂ૦ ૧૦

॥ શ્રી ગુરૂવિરહ સ્તવના ॥

મારગદેશક મોક્ષનો—એ દેશીમાં.

પ્રહસમે પ્રણમું પ્રેમથીરે, આચારજ ભગવાન;
ગીતારથ ગણપતિ ગુરૂરે, જ્ઞાનકલા સુ નિધાનરે;
ગુરૂ ગુણ સાંભરે, શ્રી ભ્રાતૃચંદ્રસૂરિરાયોરે,
મનથી ન વીસરે. એ આંકણી. ૧
નાગપુરીય તપગચ્છ મણીરે, શાસનનો શિણગાર;
ઉપકારી જગજીવનોરે, કરૂણારસ ભંડારરે. ગુરૂ૦ ૨
ગુણદરિયો ભરિયો ગુરૂરે, વરિયો સ્વર્ગાવાસ;

ઠરિયો નિજ ગુણ જ્ઞાનમાંરે, કરિયો કલેશનો નાશરે. ગુરૂ૦
શરછત્ર ભવ્ય જીવનોરે, મુગટમણિ શિરતાજ;
નાથ અનાથ કરી ગયોરે, સકલ જૈનસમાજરે. ગુરૂ૦ ૪
પંડિતપ્રવર સૂરીશ્વરૂરે, નિરભિમાનિ દાતાર;
ગુણગ્રાહક ગુણ ગુરૂ તણોરે, સહુથી અધિક ઉદારરે. ગુરૂ૦ ૫
સૂરિ સાનિધે કલ્લોલથીરે, કરતા જ્ઞાન અભ્યાસ,
સમયસાર્થક કરવા વિષેરે, ઉપદેશે ગુરૂ ખાસરે. ગુરૂ૦ ૬
વચ્છલભાવ દેખાડિનેરે. ભાવ દયા ધરનાર,
એહવા ગુરૂ વિણ કોણ હવેરે, કરશે મોરી સારરે. ગુરૂ૦ ૭
શ્રી પાર્શ્વચંદ્રસૂરીંદ્રપરેરે, ફોરવ્યો વીર્ય અપાર;
ગોયમ સોહમ સમ ગુરૂરે, હવે અમ કોણ આધારરે. ગુરૂ૦ ૮
નિજ શિષ્યો પર દયા ધરીરે, દ્યો દરિસણ સૂરીંદ્ર;
ગુરૂ પદકજે મન થીર કરીરે, ભણે મુનિ સાગરચંદ્રરે. ગુરૂ૦ ૯

ગુરૂગુણ સ્મરણ પદ.

અબધુનિરપક્ષ વિરલા કોઇ—એ રાગ.

મુજ મન ગુરૂ વિરહો બહુ સાલે, હવે મિલશ્યે કયા કાલે.
મુજ મન ગુરૂ વિરહો બહુ સાલે. એ ટેક.
પુરૂષ રતન ચિંતામણી સરિખો; અર્થિત અર્થને આલે.
આગમવાણી અર્થની ખાણી, દુર્લભ પંચમ કાલે, મુજ૦ ૧
અધમ ઉદ્ધારણ ભવજલતારણ, શરણાગતને પાલે;
એહવા સદગુરૂ ગુણગણ આગરૂ, વિણ ચેતન કિમ ચાલે. મુ. ૨

અમૃતદષ્ટિ સદા સેવકપર, ત્રિવિધ તાપને ટાલે;
શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ સદ્ગુરૂને, સાગર ક્યાંથી નિહાલે. મુજ૦ ૩

અરણીક મુનિવર ચાલ્યા ગૌચરી–એ રાગ.

ક્યારે મિલશેરે ગુરૂ ગણધર હુવે, સમતા રસ ભંડારોજી;
માર્દવ સવિતારે દેખી ચળકતો, નાસે તમ અહંકારોજી. ક્યા.
જગ ઉપકારીરે ધર્મધૂરંધરૂ, ભ્રાતૃચંદ્ર સૂરિરાયોજી;
નિજ ગુણે ગાજેરે રાજે ભૂતલે, દશદિશિ સુજસ ગવાયોજી. ક્યા.
તત્વપ્રણેતારે જગમાં દીપતા, શીતલ જેહની વાણીજી;
ભવદવ તાપોરે ટાલે ભવિકનાં, સાંભલી અમીય સમાણીજી. ક્યા.
જ્ઞાન માનસર મુક્તાફલ ભર્યો, ભાવિજન હંસ ત્યાં આવેજી;
મુક્તામુક્તારે સરસ આરોગીને, ભુખ દુઃખ ભવભય જાવેજી. ક્યા.
જંગમતીરથ સુરતરૂ સાહિબો, ભવિ મનવંછીત પૂરેજી;
વાદી મતંગજ પંચાનન ગુરૂ, ભજતા ચૌગતિ ચૂરેજી. ક્યા.
નિત્યે રમતારે શુભમતિ સેજમાં, કુમતિ કુતર્કને ટાલેજી;
પૂજક નિંદક પર સમ ભાવતા, જ્ઞાનાનંદે મહાલેજી. ક્યા.
જીવખમાવીરે સમતાભાવમાં, અંતે અણશણ લીધોજી;
પાપ પખાળીરે શુભ ધ્યાને ચડી, આતમ નિરમલ કીધોજી. ક્યા.
શાસનદીપક અસ્ત થયો અરે, અમને કોનો આધારોજી;
ભવિ નરનારીરે શોકસમુદ્રમાં, નયણે આંસુની ધારોજી. ક્યા.
વહેલા દેજોરે દરિશણ સાહીબા, આશ્યા અમતણી પૂરોજી;
દીપપદપંકજ દેવ અલીરમે, સંકટ સૂરીશ્વર ચૂરોજી. ક્યા.

જાહેર ખબર.

પૂર્વાચાર્ય કૃત ગ્રન્થો.

સુર દીપિકાદિ પ્રકરણ સંગ્રહ કિં. રૂ. ૧-૦-૦

ષટ્દ્રવ્યનયસ્વભાવાદિ પ્રકરણ સંગ્રહ કિં.રૂ. ૧-૦-૦

પંચપ્રતિક્રમણ સૂત્ર મૂલ શાસ્ત્રી રૂ. ૧-૦-૦

બે પ્રતિક્રમણ મૂલ શાસ્ત્રી કિંમત રૂ. ૦-૪-૦

સુધર્મા ગચ્છ પરીક્ષા કિંમત રૂ. ૦ ૨ ૦

તરતમાં બહાર પડનાર.

પંચપ્રતિક્રમણ સૂત્ર શાસ્ત્રી જેની અંદર ચૈત્ય-વંદન સ્તુતિઓ સ્તવનો અને સજઝાયોનો સંગ્રહ વિશેષથી કરવામાં આવેલ છે.

ઠે. શ્રી જૈન હઠીસિંગ સરસ્વતી સભા.

સામળાની પોળ—અમદાવાદ.